
MANOGAT • Year 43 • Issue 20 • 25 January 2025 • Posh Vad 11, Samvat 2081 • Yugabd 5126 • Price : Rs. 5/- • Pages : 28



# मनोगत



## કુંભની આ વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની બાબત


## કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે યોજાયેલ હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાની તસવીરો







Year : 43, Issue : 20, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ

## કેન્દ્ર અને રાજ્યની વિકાસગંગા - આપણા નગરને પ્રયાગરાજ બનાવીએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી ગઈ છે. પાલિકાથી પાર્લમેન્ટ સુધી આપણી વિચારધારાની શાસન-વ્યવસ્થા રહે તે માટે આ ચૂંટણીઓનું મહત્ત્વ અદકેરું છે.

વિચાર કરો કે જ્યારે આપણે શાસનમાં ન હતા ત્યારે આ નગરો કેવાં હતાં ? કોઈ પાયાની સુવિધાઓ પણ હતી ખરી ? કોંગ્રેસના ૫૦-૫૦ વર્ષના શાસન પછી પણ નળ, ગટર કે રોડની પાયાની સુવિધાઓ નગરોમાં ન હતી. અરે ખરા અર્થમાં આ નગરો પંચાયત કરતાં પણ બદતર હાલતમાં હતાં.

આપણે શાસનમાં આવ્યા પછી તો વિકાસકામો હાથ ધરાયાં. આપણી રાજ્ય અને આપણી કેન્દ્ર સરકારની સારી અને મોટી ગ્રાંટ આવતી થઈ અને પરિણામે આજે આપણા નગરો સુવિધાઓ ધરાવતાં થયાં. નર્મદાનાં પાણી પણ પહોંચ્યાં. રસ્તાઓ તો બન્યા પેવરબ્લોક પણ લાગ્યા. વિકાસ-સ્વચ્છતા અને શહેરની વિશેષતા ધરાવતાં સુંદર કામો થયાં અને આપણાં નગરો ખરા અર્થમાં રહેવાલાયક બન્યાં.

આ તબક્કે આપણે સૌએ નાગરિકોને એ વાત યાદ અપાવવાની છે કે - પાર્લમેન્ટથી પાલિકા સુધી એક જ પક્ષની વિચારધારા દ્વારા વિકાસની વાત આગળ વધારવા ભાજપને સત્તાસ્થાને બેસાડવો અત્યંત આવશ્યક છે. કોંગ્રેસ - કેન્દ્ર અને રાજ્યમાંથી ગ્રાંટ સ્વરૂપે આવતા પૈસા લૂંટવા માટે ભૂખ્યા વરુની જેમ તૂટી પડવા મતભેદો-વિવાદો ઊભાં કરી - આપણામાં તડાં પડાવી સત્તા પડાવવા ઉધામા કરશે જ, અને સામા પક્ષે આપણે શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આરંભાયેલી વિકાસગંગામાં આપણા નગરને પ્રયાગરાજ બનાવવા એક થઈ કમળને વિજયી બનાવવા મહાકુંભ સ્વરૂપે નાગરિકોની શ્રદ્ધા અને લાગણી જીતવા સૌ કટિબદ્ધ બનીએ.

આવો, હકારાત્મકતા અને વિકાસની સંકલ્પના સાથે સૌને સાથે લઈને આગળ વધીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## સંવિધાન ગૌરવ અભિયાન



# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જમ્મુ-કાશ્મીરમાં કલમ 370ને દૂર કરવામાં આવી અને તેમને મૂળભૂત હક્કો આપવાનું કામ કર્યું – શ્રી જે. પી. નડ્ડા

રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી જગતપ્રકાશ નડ્ડાજી, રાષ્ટ્રીય સંગઠનમંત્રીશ્રી વી. સતીષજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના બાપુનગર ખાતે સંવિધાન ગૌરવ અભિયાન કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં શ્રી જગતપ્રકાશ નડ્ડાજી તેમજ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બંધારણના પ્રણેતા ડો. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યાં.આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાનનું સંબોધન સાથે મળી સાંભળ્યું. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેરના પ્રમુખ તેમજ ધારાસભ્યશ્રી અમિતભાઈ શાહે સ્વાગત સંબોધન કર્યું હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ સંબોધન કરતાં જણાવ્યું કે, દેશમાં સંવિધાનનાં 75 વર્ષ પૂર્ણ થયાં જેમાં 65 વર્ષ કોંગ્રેસના નેતાઓએ દેશ પર રાજ કર્યું. આજે આ કાર્યક્રમ પહેલાં મને ડો. બાબાસાહેબ આંબેડકરજીની મૂર્તિને ફૂલહાર કરવાની તક મળી. આ ફક્ત ફૂલહાર પૂરતું સીમિત ન હોવું જોઈએ પણ આપણે સૌએ મહાન વ્યક્તિની દૂરદર્શિતાને સમજવી જોઈએ. ડો.આંબેડકરજીએ કહ્યુ હતું કે સંવિધાન ગમે તેટલું સારું હોય પણ તેનું પાલન કરવાવાળા યોગ્ય નહીં હોય તો સંવિધાન અસફળ થશે. જેમણે સંવિધાન બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે તેવા ડો.આંબેડકરજી પણ માને છે કે સંવિધાન સારું બનાવ્યું છે પણ જો તેનું પાલન કરવામાં સારા લોકો હશે તો કામ સારું થશે અને સારી રીતે પાલન નહીં કરાવનાર હશે તો આ જ સંવિધાન તકલીફ આપશે.

શ્રી નડ્ડાજીએ વધુમાં જણાવ્યું કે, 1954માં જવાહરલાલ નહેરુએ જમ્મુ કાશ્મીરમાં કલમ 370 સાથે કલમ 35-એ ને જોડી દીધી અને તેમાં જમ્મુ કાશ્મીરની નાગરિકતા અને ભારતની નાગરિકતા અલગ-અલગ કરી. જુદું પ્રાવધાન, જુદું નિશાન, જુદું સંવિધાન એ 35-એના કારણ છે. આજે જે લોકો સંસદની મર્યાદાની ચિંતા કરી રહ્યા છે તેમને ખબર નથી કે તેમણે ભારતના સંવિધાન સાથે શું કર્યું છે. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીએ તે






સમયે કહેલી વાતને આજે મન કી બાતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને તેમનો ઓડિયો સંભળાવ્યો તેમાં તેમણે કહ્યું હતું કે એક દેશમાં બે નિશાન, બે સંવિધાન નહીં ચાલે. જમ્મુ-કાશ્મીરમાં 1954 થી 2020 સુધી ST વર્ગની બેઠક હતી જ નહીં. મહિલાઓ સાથે જે ડોમેસ્ટિક વાયોલન્સ થતા હતા તેના કાયદા જમ્મુ-કાશ્મીરમા લાગુ થતા ન હતા. શ્રીનગરની દીકરીઓ જો શ્રીનગરના રહેવાસી સિવાય લગ્ન કરે તો તેમને પ્રોપર્ટી માથી હક મળતો ન હતો. આમ કોંગ્રેસની સરકારે જમ્મુ-કાશ્મીરના લોકોને તેમના હક્કોથી વંચિત રાખવાનું કામ કર્યું. દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જમ્મુ-કાશ્મીરમાં કલમ 370ને દૂર કરવામાં આવી.



## 2025નું વર્ષ દેશના ગૌરવને ઉજાગર કરવાનું વર્ષ છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, આપણા સૌના પ્રેરણાસ્રોત, વૈશ્વિક નેતા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશ આઝાદીના અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે. 2025નું આ વર્ષ દેશના ગૌરવને ઉજાગર કરવાનું વર્ષ છે. સમગ્ર વર્ષ દરમિયાન આપણે સરદાર સાહેબની જયંતી, ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી, સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયજીની 100મી જન્મજયંતી તથા બંધારણના અમૃત મહોત્સવની ઉજવણી કરવાના છીએ. 2025નું આ વર્ષ દેશમાં લગાવવામાં આવેલ કટોકટીના કાળા વર્ષનું 50મું વર્ષ છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે કટોકટીના કપરા દિવસોમાં આપણા સંવિધાનનાં મૂલ્યોની કેવી દશા તત્કાલીન સરકારે કરી હતી. આપણે એવા મહાન રાષ્ટ્રના નાગરિકો છીએ કે ભારતીયતા આપણો ધર્મ છે અને બંધારણ આપણો ધર્મગ્રંથ. બંધારણનો સ્વીકાર થતાં નિર્માણમાં ડો. બાબાસાહેબ આંબેડકરજીના અમૂલ્ય યોગદાન સાથે સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી, હંસાબેન મહેતા જેવા ગરવા ગુજરાતીઓએ પણ આગવું યોગદાન આપ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ સંવિધાનને સર્વોચ્ચ માન્યું છે, અને રાષ્ટ્રહિતને પ્રાથમિકતા આપી છે. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બંધારણનાં 60 વર્ષ 2010માં પૂર્ણ થતા સંવિધાન ગૌરવયાત્રાનું આયોજન કર્યું હતું. સંપૂર્ણ બંધારણનું હાર્દ ન્યાય છે. દેશનો પાયાનો દસ્તાવેજ સમાનતા, ન્યાયનું અનુસરણ કરતો ગ્રંથ છે.





### કુંભનો આ ઉત્સવ વિવિધતામાં એકતાનો ઉત્સવ બની રહ્યો છે

# જ્યારે યુવાપેઢી પોતાની સભ્યતાની સાથે ગર્વની સાથે જોડાઈ જાય છે, તો તેમનાં મૂળ વધુ મજબૂત બને છે – પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

મારા વ્હાલા દેશવાસીઓ, પ્રયાગરાજમાં મહાકુંભના શ્રીગણેશ થઇ ચૂક્યા છે. ચિરસ્મરણીય માનવમહેરામણ, અકલ્પનીય દૃશ્ય અને સમતા-સમરસતાનો અસાધારણ સંગમ. કુંભમાં આ વખતે અનેક દિવ્ય યોગ પણ બની રહ્યા છે. કુંભનો આ ઉત્સવ વિવિધતામાં એકતાનો ઉત્સવ બની રહ્યો છે. સંગમની રેતી ઉપર સમગ્ર ભારતના, પૂરી દુનિયાના લોકો જોડાઈ રહ્યા છે. હજારો વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં ક્યાંય પણ કોઈ ભેદભાવ નથી, જાતિવાદ નથી. તેમાં ભારતના દક્ષિણમાંથી લોકો આવે છે, પૂર્વ અને પશ્ચિમમાંથી પણ લોકો આવે છે. કુંભમાં અમીર ગરીબ સૌ એક થઈ જાય છે. બધા લોકો સંગમમાં ડૂબકી લગાવે છે, એક સાથે ભંડારામાં ભોજન કરે છે, પ્રસાદ લે છે, એટલે તો, કુંભ એકતાનો મહાકુંભ છે. કુંભનું આયોજન આપણને એ પણ સૂચિત કરે છે કે, કેવી રીતે આપણી પરંપરાઓ સમગ્ર ભારતને એક તાંતણે બાંધે છે. ઉત્તરથી દક્ષિણ સુધી માન્યતાઓને માનવાની રીતો એક જેવી જ છે. એક તરફ પ્રયાગરાજ, ઉજ્જૈન, નાસિક અને હરિદ્વારમાં કુંભનું આયોજન થાય છે. તો તે જ રીતે, દક્ષિણ પ્રદેશમાં ગોદાવરી, કૃષ્ણા, નર્મદા અને કાવેરી નદીના તટ પર પુષ્કરમ્ યોજાય છે. આ બંને પર્વો આપણી પવિત્ર નદીઓ સાથે તેઓની માન્યતાઓ સાથે જોડાયેલાં છે. એ રીતે જ, કુંભકોણમથી થિરૂક્કડ-યૂડ, કૂડ-વાસલથી થિરૂચેરઇ અનેક એવાં મંદિરો છે, જેમની પરંપરાઓ કુંભ સાથે જોડાયેલી છે.

### કુંભની આ વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની બાબત

સાથીઓ, આ વખતે તમે બધાએ જોયું હશે કે, કુંભમાં યુવાનોની ભાગીદારી બહુ વ્યાપક રૂપમાં નજરે પડે છે, અને એ પણ સાચું છે કે,



## કલાગ્રામ : મહાકુંભ 2025નું સાંસ્કૃતિક રત્ન




**ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા કલ્પનાને ક્યુરેટેડ, કલાગ્રામને 3Cs :** ક્રાફ્ટ, ક્યુઝિન અને કલ્ચરમાં સમાવિષ્ટ સંવેદનાત્મક ઓડિસી તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે. આ જીવંત આશ્રયસ્થાન પ્રાચીન કલાસ્વરૂપો, ઉત્કૃષ્ટ પ્રાદેશિક વાનગીઓ અને મંત્રમુગ્ધ પ્રદર્શનને એકસાથે લાવે છે, એક અપ્રતિમ અનુભવ બનાવે છે જે ભારતના સાંસ્કૃતિક વારસાના મૂર્ત અને અમૂર્ત પાસાંઓની ઉજવણી કરે છે.

### એક ભવ્ય સ્વાગત

કલાગ્રામમાં તમારી સફર તેના અદ્‌ભુત પ્રેરક પ્રવેશદ્વારથી શરૂ થાય છે —એક 35-ફૂટ-પહોળો , 54-ફૂટ-ઊંચો માસ્ટરપીસ. આ આર્કિટેક્ચરલ અજાયબી એ ભારતના પવિત્ર વારસાનું દૃશ્ય વર્ણન છે, જેમાં 12 જ્યોતિર્લિંગની વાર્તાઓ અને ભગવાન શિવના હલાહલનું સેવન કરવાના સુપ્રસિદ્ધ કાર્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અગ્રભાગની જટિલ કારીગરી, દૈવી ઊર્જાથી ઝળહળતી, આગળની જાદુઈ યાત્રા માટે સૂર સેટ કરે છે.

જ્યારે યુવાપેઢી પોતાની સભ્યતાની સાથે ગર્વની સાથે જોડાઈ જાય છે, તો તેમનાં મૂળ વધુ મજબૂત બને છે, અને ત્યારે તેમનું સ્વર્ણિમ ભવિષ્ય પણ સુનિશ્ચિત બની જાય છે. આ વખતે આપણે કુંભની digital footprints પણ એટલા મોટા પ્રમાણમાં જોઈ રહ્યા છીએ. કુંભની આ વૈશ્વિક લોકપ્રિયતા દરેક ભારતીય માટે ગર્વની બાબત છે.

સાથીઓ, થોડા દિવસ પહેલાં જ પશ્ચિમ બંગાળમાં ગંગાસાગર મેળાનું પણ ભવ્ય આયોજન થયું છે. સંક્રાંતિના પાવન અવસરે આ મેળામાં દુનિયાભરમાંથી આવેલા લાખો શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી છે. ‘કુંભ પુષ્કરમ્ અને ગંગાસાગર મેળો’ જેવાં આપણા આ પર્વો આપણા સામાજિક મનમેળને, સદ્‌ભાવને, એકતાને વધારનારા પર્વો છે. આ પર્વ ભારતના લોકોને ભારતીય પરંપરાઓ સાથે જોડે છે, જેમ આપણાં શાસ્ત્રોએ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેય પર ભાર મૂક્યો છે, તે જ રીતે આપણા પર્વો અને પરંપરાઓ પણ આધ્યાત્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક એમ દરેક પાસાને પણ સશક્ત કરે છે.

### વિવેકાનંદજી જયંતી

મારા વ્હાલા દેશવાસીઓ, સ્વામી વિવેકાનંદજીએ કહ્યું હતું, ‘જે વ્યક્તિમાં પોતાના વિચાર માટે ઝનૂન હોય છે, તે જ પોતાના લક્ષ્યને હાંસલ કરી શકે છે.’ કોઈ વિચારને સફળ બનાવવા માટે આપણી લગન અને સમર્પણ સૌથી વધુ જરૂરી હોય છે. પૂરી લગન અને ઉત્સાહથી જ નાવીન્યતા(ઇનોવેશન), સર્જનાત્મકતા અને સફળતાનો માર્ગ ચોક્કસ નીકળે છે. થોડા દિવસ પહેલાં





## રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાના પર્વની પહેલી વર્ષગાંઠ

સાથીઓ, આ મહિને આપણે પોષ સુદ દ્વાદશીના દિવસે રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાના પર્વની પહેલી વર્ષગાંઠ ઊજવી. આ વર્ષ પોષ સુદ દ્વાદશી અગિયાર જાન્યુઆરીએ આવી હતી. તે દિવસે પણ લાખો રામભક્તોએ અયોધ્યામાં રામલલ્લાનાં સાક્ષાત્ દર્શન કરીને તેઓના આશીર્વાદ લીધા હતા. પ્રાણપ્રતિષ્ઠાની આ દ્વાદશી ભારતની સાંસ્કૃતિક ચેતનાની પુનઃપ્રતિષ્ઠાની દ્વાદશી છે. એટલા માટે, પોષ સુદ દ્વાદશીનો આ દિવસ એક રીતે પ્રતિષ્ઠા દ્વાદશીનો દિવસ પણ બની ગયો છે. આપણે વિકાસના રસ્તે ચાલતાં બસ આમ જ પોતાની વિરાસતનું પણ જતન કરવાનું છે. તેમાંથી પ્રેરણા લઈને આગળ વધવાનું છે.

મને જ સ્વામી વિવેકાનંદજીની જયંતીએ વિકસિત ભારત યુવા નેતા પરિચર્ચામાં ભાગ લેવાનું સૌભાગ્ય મળ્યું. ત્યાં મેં દેશના ખૂણેખૂણામાંથી આવેલા યુવા સાથીઓની સાથે મારો પૂરો દિવસ વિતાવ્યો. યુવાઓએ સ્ટાર્ટઅપ્સ, સંસ્કૃતિ, મહિલાઓ, યુવાઓ અને આંતરમાળખા જેવાં કેટલાંય ક્ષેત્રો વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ કાર્યક્રમ મારા માટે બહુ યાદગાર રહ્યો.

## આપણા દેશની મહાન વિભૂતિ નેતાજી સુભાષચંદ્ર બોઝ

મારા વ્હાલા દેશવાસીઓ, પળવાર માટે તમે એક દશ્યની કલ્પના કરો - કોલકાતામાં જાન્યુઆરીનો સમય છે. બીજું વિશ્વયુદ્ધ તેની ચરમસીમાએ છે. અને અહીં ભારતમાં અંગ્રેજો વિરુદ્ધ ગુસ્સો વધી રહ્યો છે. તેના લીધે શહેરમાં ગલીએ ગલીએ પોલીસવાળા તહેનાત કરાયા છે. કોલકાતાની વચ્ચોવચ્ચ એક ઘરની આજુબાજુ પોલીસની હાજરી વધુ ચોક્કસ છે. એ વચ્ચે લાંબો ભૂરો ડગલો, પેન્ટ અને કાળી ટોપી પહેરેલી એક વ્યક્તિ રાતના અંધારામાં એક બંગલામાંથી કાર લઈને બહાર નીકળે છે. કડક ચોકીપહેરાવાળી ચોકીઓ વટાવતાં તે વ્યક્તિ એક રેલવે સ્ટેશન 'ગોમો' પહોંચી જાય છે. આ સ્ટેશન અત્યારે ઝારખંડમાં છે. ત્યાંથી એક ટ્રેન પકડીને તે વ્યક્તિ આગળ જવા નીકળે છે. ત્યારબાદ અફઘાનિસ્તાન થઈને તે યુરોપ જઈ પહોંચે છે. અને આ બધું અંગ્રેજ હકૂમતની અભેદ્ય કિલ્લાબંધી છતાં બને છે.

સાથીઓ, આ વાર્તા તમને કોઈ ફિલ્મી દશ્ય જેવી લાગતી હશે. તમને થતું હશે આટલી હિંમત બતાવનારી વ્યક્તિ આખરે કઈ માટીની બનેલી હશે. હકીકતમાં આ વ્યક્તિ કોઈ બીજું નહિ, પરંતુ આપણા દેશની મહાન વિભૂતિ નેતાજી સુભાષચંદ્ર બોઝ હતા. 23 જાન્યુઆરી, એટલે કે, તેમની જન્મજયંતીને હવે આપણે પરાક્રમ દિવસના રૂપમાં મનાવીએ છીએ. તેમના શૌર્ય સાથે જોડાયેલી આ કહાનીમાં તેમના પરાક્રમની ઝલક જોવા મળે છે. થોડા વરસ પહેલાં હું તેમના એ જ ઘરમાં ગયો હતો. જ્યાંથી તેઓ અંગ્રેજોને થાપ આપીને નીકળ્યા હતા. તેમની એ કાર આજે પણ ત્યાં મોજૂદ છે. એ અનુભવ મારા માટે ખૂબ જ વિશેષ રહ્યો. સુભાષ બાબુ એક દીર્ઘદષ્ટા હતા. સાહસ તો તેમના સ્વભાવમાં વણાઈ ગયું હતું. એટલું જ નહિ, તેઓ બહુ કુશળ પ્રશાસક પણ હતા. માત્ર 27 વર્ષની ઉંમરમાં તેઓ



## કલાગ્રામ : સંસ્કૃતિના હૃદયમાં પગલું



એકવાર અંદર ગયા પછી, કલાગ્રામ ભારતની વિવિધતાના મોહક મોઝેકની જેમ પ્રગટ થાય છે. સાત ઝીણવટપૂર્વક ડિઝાઇન કરાયેલી સંસ્કૃતિ આંગન દેશના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં પ્રત્યેક કોલકાતાના દક્ષિણેશ્વર કાલી મંદિર અને પુષ્કરના બ્રહ્મા મંદિર જેવાં પ્રતિષ્ઠિત મંદિરોની આસપાસની થીમ આધારિત છે. આ ક્ષેત્રો પ્રાદેશિક કારીગરીનો ખજાનો છે, જે બંગાળનાં પટ્ટચિત્ર ચિત્રો અને આસામની વાંસની હસ્તકલાથી લઈને તમિલનાડુના તાંજોર ચિત્રો અને મધ્યપ્રદેશની આદિવાસી કળા સુધીની દરેક વસ્તુનું પ્રદર્શન કરે છે. અહીં, તમે 230 માસ્ટર કારીગરોના કુશળ હાથના સાક્ષી બની શકો છો જે પ્રાચીન તકનીકોને જીવંત બનાવે છે.

## આર્ટ મીટ્સ સોલ

કલાગ્રામની હવા લગભગ 15,000 સાંસ્કૃતિક કલાકારોની લય સાથે ગુંજી ઊઠે છે જેઓ દરરોજ બહુવિધ સ્ટેજ પર પ્રદર્શન કરે છે. સંગીત નાટક અકાદમી અને ઝોનલ કલ્ચરલ સેન્ટર્સ જેવી જાણીતી સંસ્થાઓ દ્વારા ક્યુરેટેડ , પર્ફોર્મન્સની શ્રેણી ભાવનાપૂર્ણ શાસ્ત્રીય સંગીતથી લઈને લોકનૃત્યો સુધી છે. પછી ભલે તે કથક નૃત્યાંગનાના જટિલ પગલાં હોય કે ભાંગડા મંડળની ઊર્જા, દરેક પ્રદર્શન પરંપરા સાથે જોડાયેલી વાર્તા કહે છે. આકર્ષણમાં ઉમેરો કરે છે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દ્વારા થિયેટર પ્રોડક્શન્સ અને સેલિબ્રિટી પર્ફોર્મન્સ જે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવાનું વચન આપે છે. આવા સમૃદ્ધ લાઇનઅપ સાથે, કલાગ્રામની દરેક મુલાકાત કંઈક નવું શોધવાની તક આપે છે.

## દંતકથાઓમાં ડાઇવ

કલાગ્રામની વિશેષતાઓમાંની એક અનુભૂતિ મંડપમ છે. અત્યાધુનિક 360-ડિગ્રી વિઝ્યુઅલ્સ અને અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા મુલાકાતીઓને ગંગા અવતારની કોસ્મિક વાર્તા - પૃથ્વી પર ગંગાના અવકાશી વંશ સુધી પહોંચાડવામાં આવે છે. નદીની ગર્જનાશીલ શક્તિનો અનુભવ કરો કારણ કે તે ભગવાન શિવ દ્વારા આકર્ષક રીતે સમાયેલ છે, અદ્ભુત વાસ્તવિકતા સાથે જીવનમાં લાવવામાં આવેલ દૈવી મહત્વની ક્ષણ. આ માત્ર એક વાર્તા નથી - તે એક અનુભવ છે. જે તમે છોડ્યા પછી લાંબા સમય સુધી તમારી સાથે રહે છે.

## એક આકાશી રાત્રિ અને સાત્ત્વિક આનંદ


કલાગ્રામ માત્ર સંસ્કૃતિ વિશે જ નથી - તે જોડાણ વિશે પણ છે. સ્પેશિયલ એસ્ટ્રો નાઈટ્સ પર, મુલાકાતીઓ લગભગ આધ્યાત્મિક લાગે તેવા સેટિંગમાં બ્રહ્માંડ સાથે ફરીથી કનેક્ટ થઈને, ટેલિસ્કોપ દ્વારા સ્ટારલીટ આકાશને જોઈ શકે છે. અને ફૂડ પ્રેમીઓ માટે સાત્ત્વિક ફ્લેવર્સ ઓફ ઇન્ડિયા ઝોન એક રાંધણસ્વર્ગ છે. પ્રયાગરાજની સ્થાનિક વાનગીઓથી માંડીને ભારતભરની ઘણીબધી વાનગીઓ સુધી, આ પવિત્ર પ્રસંગને અનુરૂપ શુદ્ધતા અને કાળજી સાથે તૈયાર કરાયેલા સાત્ત્વિક ભોજનની 28 જાતો પ્રદાન કરે છે.

કોલકાતા કોર્પોરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર બન્યા અને ત્યારબાદ તેમણે મેયરની જવાબદારી પણ સંભાળી હતી. એક પ્રશાસકના રૂપમાં પણ તેમણે અનેક મહાન કાર્યો કર્યાં. તેમણે આઝાદ હિંદ રેડિયોની સ્થાપના કરી હતી. જેના પર તેમને સાંભળવા માટે લોકો આતુરતાથી પ્રતીક્ષા કરતા હતા. તેમનાં સંબોધનોથી વિદેશી શાસન વિરુદ્ધની લડાઈમાં એક નવી તાકાત મળતી હતી. હું નેતાજી સુભાષચંદ્ર બોઝને વંદન કરું છું. દેશભરના યુવાઓને મારો આગ્રહ છે કે, તેઓ નેતાજી વિશે વધુમાં વધુ વાંચન કરે અને તેમના જીવનમાંથી સતત પ્રેરણા મેળવે.



## અમદાવાદ ખાતે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું વિશેષ આયોજન

# હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાના માધ્યમથી સમગ્ર હિન્દુ સમાજના વિરાટ અવિરત સેવાયજ્ઞને સમાજ સમક્ષ મૂકવાનું કાર્ય થયું છે – શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ભારતમાતા કી જય અને વંદે માતરમના પ્રચંડ જયઘોષ સાથે સંબોધનની શરૂઆત કરી નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે તેમનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, 1857થી 1947 સુધીના 90 વર્ષના આઝાદીના સંગ્રામમાં નેતાજી ચમકતા ધ્રુવ તારા સમાન છે, તેઓએ પોતાનું સંપૂર્ણ જીવન દેશની આઝાદી માટે સમર્પિત કર્યું, આઝાદ હિંદ ફોજ થકી આઝાદી માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો. નેતાજી સુભાષચંદ્ર બોઝ યુગો યુગો સુધી ભારતના યુવાનો માટે દેશભક્તિ, ચારિત્ર્ય અને સમર્પણના ગુણો માટે પથપ્રદર્શક રહેશે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, આજે શ્રી ભૈયાજી જોશી અને પૂજ્ય પરમાત્માનંદજીના હસ્તે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનું ઉદ્‌ઘાટન થયું છે. આ મેળા થકી 200 થી વધુ હિન્દુ સેવાકીય સંસ્થાઓ કે જેઓએ અનેક વર્ષોથી મૂકસેવક બની આધ્યાત્મ અને સેવાનાં અનેક કાર્યો કર્યાં છે તેને એક મંચ પર લાવવાનું કાર્ય આયોજકો દ્વારા કરવામાં આવ્યું છે. આ મેળા થકી સમગ્ર હિન્દુ સમાજની સેવાતાકાતને સમાજ સમક્ષ મૂકવાનું કાર્ય થયું છે. પારિવારિક મૂલ્યોના ઊર્ધ્વગમન, સાતત્ય, સંરક્ષણ અને સંવર્ધન માટે હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનો સમગ્ર દેશમાં ખૂબ મોટો રોલ છે. સ્વામી દયાનંદ સરસ્વતીજીની કલ્પનાને જમીન પર ઉતારવા માટે સંઘના વિચારક ગુરુમૂર્તિજીના યોગદાનનું શ્રી શાહે સ્મરણ કર્યું હતું અને કહ્યું કે ત્યાંથી લઈને અત્યાર સુધી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અનેક કાર્યકર્તાઓએ આ સંસ્થાને નક્કર સ્વરૂપ આપ્યું છે.

શ્રી શાહે ગુજરાતના સર્વ નાગરિકોને પ્રયાગરાજ ખાતે આયોજિત મહાકુંભમાં પરિવારના યુવાનો અને કિશોરો સાથે પવિત્ર ગંગાસ્નાનનો લ્હાવો લેવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રયાગરાજમાં 144 વર્ષમાં એક વખત આવતા મહાકુંભનું આયોજન થયું છે, દેશભરના 40 કરોડ લોકો તેમજ લાખો વિદેશીઓ સ્વયંભૂ જેની મુલાકાત કરી રહ્યા છે એવા મહાકુંભના ભવ્ય આયોજનને દુનિયાભરના નાગરિકો આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા છે. આ ભવ્ય અને સુંદર આયોજનમાં સરકાર ઉપરાંત અનેક સંતો મહંતો અને ધાર્મિક સંસ્થાઓનો ખૂબ જ મોટો ફાળો છે. મહાકુંભમાં કુળ, જાતિ કે સંપ્રદાયથી પર થઈને કરોડો લોકો મા ગંગામાં પવિત્ર સ્નાન માટે આવે છે. મહાકુંભ એક પ્રકારે વિશ્વભરનો સૌથી મોટો સમરસતા અને એકતાનો સંદેશ છે. તેઓએ કહ્યું કે તેઓને તેમના જીવનકાળમાં નવ કુંભમાં સ્નાન કરવાનું સૌભાગ્ય મળ્યું છે અને આ વર્ષે આયોજિત મહાકુંભમાં તેઓ ૨૭ જાન્યુઆરીએ મુલાકાત કરવાના છે.

હિન્દુ આધ્યાત્મિક અને સેવા મેળાનો ઉલ્લેખ કરતાં શ્રી શાહે જણાવ્યું હતું કે, જેમણે દેશભરમાં 280થી વધુ ધર્મસ્થાનો કે જે આક્રમણખોરોએ તોડી પાડેલાં તેનો પુનરુદ્ધાર કરવાનું કાર્ય કર્યું, સોમનાથ મહાદેવ કાશી વિશ્વનાથ મંદિર, કાશીના અનેક ઘાટો સહિત અનેક સ્થાનો પર તેમને પુનરુદ્ધારનું કાર્ય કરાવ્યું, જે ઘનઘોર અંધકારમાં ચમકતી વીજળી સમાન હતાં એવાં પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોળકરના જીવનકવનનો સ્ટોલ યુવાનો અને મહિલાઓ માટે તેમજ તૈયાર કરાયેલ વનવાસી ગામમાં આદિવાસીઓની જીવનપદ્ધતિને નિહાળવાનો અનુભવ નાગરિકો માટે ખૂબ જ્ઞાનવર્ધક સાબિત થશે. આ મેળાના માધ્યમથી ભારતીય રમતોને પુનર્જીવિત કરવાનો પ્રયાસ પણ કરાયો છે.

# વડનગર ખાતે રૂ.૪૦૩ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ



## વડનગરમાં ગરીબીમાં પસાર થયેલ બાળપણથી દેશના પ્રધાનમંત્રી અને વિશ્વનેતા બનવાની શ્રી નરેન્દ્રભાઈ મોદીની યાત્રા આવનારા દિવસોમાં દેશ અને દુનિયાના અનેક વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો વિષય બનશે – કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે મહેસાણા જિલ્લાના વડનગર ખાતે જાહેરસભાને સંબોધન કર્યું હતું. આ પૂર્વે શ્રી શાહે વડનગર ખાતે મ્યુઝિકલ મ્યુઝિયમની કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ પુરાતત્ત્વ પ્રાયોગિક સંગ્રહાલય, પ્રેરણા સંકુલ, રમતગમત સંકુલ સહિત રૂ.૪૦૩ કરોડથી વધુના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરી વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી હતી અને અંબાઘાટની મુલાકાત લીધી હતી.

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ભારતમાતા કી જય, વંદે માતરમ્, જય શ્રી રામના જયઘોષ સાથે હાટકેશ્વર મહાદેવ અને આદિકવિ નરસિંહ મહેતાજીની દોહિત્રી, શાસ્ત્રીય અને રાગ સંગીતની વિદુષી તાનારીરીને પ્રણામ કરી સંબોધનની શરૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે, શ્રી મોદીજીએ પુરાતત્ત્વ પ્રાયોગિક સંગ્રહાલયની પરિકલ્પનાથી વડનગરના ૨૫૦૦થી વધુ વર્ષના ભવ્ય ઇતિહાસ, સંસ્કૃતિ અને વારસાને દેશ અને દુનિયાના નકશા પર મૂકી જીવંત કરવાનું કાર્ય કર્યું છે. આપણું વડનગર દેશનાં પુરાતન શહેરોમાંનું એક છે જેણે તેની અક્ષુણ્ણતા અને જીવંતતાના કારણે દેશના પ્રત્યેક કાળની સંસ્કૃતિ અને સંસ્કારને પ્રભાવિત કરવાનું કાર્ય કર્યું છે. આ મ્યુઝિયમ વડનગરના પુરાતન હોવાનો બોધ આપવાની સાથે સાથે સમયાંતરે સંસ્કૃતિ, વ્યાપાર, નગરરચના, શિક્ષણ અને શાસનમાં વડનગરના યોગદાનને ઉજાગર કરે છે. વડનગરમાં સનાતન સંન્યાસીઓએ અનેક તપ-સાધના અને જ્ઞાનની ઉપાસના કરી છે, જૈન



સાધુઓએ અનેક જૈન અગમ-નિગમની રચનાની તપશ્ચર્યા કરી છે અને કહેવાય છે કે વડનગરમાં પ્રથમ વખત જૈન ગ્રંથ કલ્પસૂત્ર કે જે ફક્ત સાધુઓ માટે વંચાતો તેને પ્રથમ વખત જનતા માટે વડનગરમાં વાંચવામાં આવ્યો હતો. આપવિત્ર સ્થાન બૌદ્ધ શ્રવણોનું વિહારસ્થાન પણ રહ્યું છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંચપ્રણના સંકલ્પની વાત કરી છે તેમાં આપણી વિરાસતનું ગૌરવ પણ સામેલ છે. ગુલામીનાં ચિહ્નોને નામશેષ કરી આપણી ભવ્ય વિરાસતના ગૌરવની અનુભૂતિ કરીને દેશના ભવિષ્યને આધુનિકતાના આધારે ઘડવાનું સાહસ દેશના યુવાનોમાં આવે તે માટે શ્રી મોદીજીએ પંચપ્રણનો





## રાષ્ટ્રહિત અને દેશની સમૃદ્ધ વિરાસતને ગૌરવ અપાવનારું વિઝનરી નેતૃત્વ દેશમાં કેટલો મોટો બદલાવ લાવી શકે તે વડનગરના સંતાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં કાર્યો થકી દેશ અને દુનિયાએ જોયું છે – શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

આ તકે સંબોધન કરતાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વતનભૂમિ અને બુદ્ધ વિરાસત સહિતની ધરાવતા વડનગરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે વડનગરમાં આજે અનેક વિકાસકાર્યોની ભેટ મળી છે. વડનગર ગુજરાત અને ભારતની પ્રાચીન નગરીના ઇતિહાસમાં સુવર્ણઅક્ષરે અંકિત છે. રાષ્ટ્રહિત અને દેશની સમૃદ્ધ વિરાસતને ગૌરવ અપાવનારું વિઝનરી નેતૃત્વ દેશમાં કેટલો મોટો બદલાવ લાવી શકે તે વડનગરના સંતાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં કાર્યો થકી દેશ અને દુનિયાએ જોયું છે.

મંત્ર આપ્યો છે જે આ મ્યુઝિયમ થકી ચરિતાર્થ થશે. આ મ્યુઝિયમ આર્થિક, આધ્યાત્મિક, સામાજિક, ભૌતિક, નૈતિક વિકાસની પરતો તેમજ સાંસ્કૃતિક, રાજનૈતિક અને વ્યવસ્થાપન સહિતની નગરરચના દર્શાવે છે. મોદીજીના નેતૃત્વમાં વિશ્વભરમાંથી ભારતની ધરોહર 350 કલાકૃતિઓ પરત નવાઈ છે જેમાં ગુજરાતથી ચોરાયેલ મહિષાસુરમર્દિનીની પ્રતિમા પણ સામેલ છે.

શ્રી શાહે કહ્યું હતું કે, વડનગરમાં પસાર થયેલ બાળપણથી દેશના પ્રધાનમંત્રી અને વિશ્વનેતા બનવાની શ્રી નરેન્દ્રભાઈ મોદીની યાત્રા આવનારા દિવસોમાં દેશ અને દુનિયાના અનેક વિદ્યાર્થીઓ માટે અભ્યાસનો વિષય બનશે. મેં શ્રી નરેન્દ્રભાઈ સાથે વર્ષોથી ખૂબ નજીકથી કાર્ય કર્યું છે પણ વડનગરના એક ગરીબ ચા વેચનાર વ્યક્તિના પરિવારમાં જન્મ લીધેલ બાળકથી લઈને વિશ્વનું માર્ગદર્શન કરનારા વૈશ્વિક નેતા બનવા સુધીની તેમની યાત્રા અવર્ણનીય છે જેને શબ્દોમાં બાંધી શકાય એમ નથી. જેનું બાળપણ દારુણ ગરીબીમાં વ્યતીત થયું હોય, ઉપહાસ ભરેલું રહ્યું હોય તે વ્યક્તિ કુંઠાથી પ્રેરિત થયા વિના રાજ્ય અને દેશની ધુરા સંભાળે તેના જેવી ગરીબી અને ઉપહાસ કોઈએ સહન ન કરવું પડે તે પ્રકારના મિશન સાથે કામ કરી સમગ્ર દેશના ગરીબોનું કલ્યાણ કરવાનો વિચાર ઈશ્વરદત્ત, પ્રતિભાવાન સંપન્ન બાળકમાં જ હોય અને તેનું જીવંત ઉદાહરણ શ્રી મોદીજી છે. શ્રી મોદીજીએ સ્વામી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી તેમજ સરદાર પટેલની વિરાસતને તેજસ્વિતા અને ભવ્યતા સાથે આગળ વધારવાનું કાર્ય કર્યું છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, કરોડો ગરીબોના જીવનમાં અજવાળું પૂરવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. ઘર, ગટર, શૌચાલય, ગેસ, પાણી, વીજળી, સસ્તી દવા, મફત રાશન તેમજ આરોગ્યસુવિધા આપી ગરીબના જીવનને સરળ કરવાનું કાર્ય ગરીબ ઘરમાં જન્મેલા શ્રી મોદીજીએ કર્યું છે. રાષ્ટ્રીય શ્રવણ સેવક સંઘના પ્રસારક તરીકે તેઓએ ગુજરાતભરમાં ભિક્ષુકની જેમ પ્રવાસ કર્યો, પ્રત્યેક જાતિ વર્ગના નાગરિકોના ઘરે ભોજન કર્યું તેમજ પરિભ્રમણ દરમિયાન સમાજમાં પ્રવર્તિત સમસ્યાઓ જોઈ અને કોઈપણ રાજકીય પૃષ્ઠભૂમિ સિવાય તેમની પ્રતિભાના આધારે રાજનૈતિક ક્ષેત્રમાં










## વડનગરે વિશ્વકક્ષાના પુરાતત્ત્વીય સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કર્યું

કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય અને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વડનગરમાં અત્યાધુનિક મ્યુઝિયમ અને પુરાતત્ત્વીય અર્થઘટન કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યક્રમની અધ્યક્ષતા કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે કરી હતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર. આ સીમાચિહ્ન પ્રોજેક્ટ વડનગરના જીવંત ઈતિહાસને જીવંત કરે છે, જે પ્રાચીનકાળમાં પથરાયેલું શહેર છે, જે પ્રભાવશાળી 2,500 વર્ષ જૂનું છે. પ્રાચીન વેપારમાર્ગો પરના તેના વ્યૂહાત્મક સ્થાને એક વૈશ્વિક સમાજને ઉત્તેજન આપ્યું, જે નગરના સ્થાપત્ય વારસામાં સ્પષ્ટ છે, જેમાં કીર્તિ તોરણ, હાટકેશ્વર મહાદેવ મંદિર અને શર્મિષ્ઠા તળાવ અને વિવિધ ધાર્મિક પરંપરાઓની હાજરીનો સમાવેશ થાય છે.

વડનગર પુરાતત્ત્વીય પ્રાયોગિક મ્યુઝિયમ, આધુનિક મ્યુઝિયોલોજીનું પ્રમાણપત્ર છે, જે સમયની એક મનમોહક યાત્રા પ્રદાન કરે છે. મુખ્ય મ્યુઝિયમ બિલ્ડિંગ : કલાકૃતિઓ અને ઇન્ટરેક્ટિવ પ્રદર્શનોનો વ્યાપક સંગ્રહ આવાસ. 50-મીટરનો કનેક્ટિંગ બ્રિજ: મ્યુઝિયમ બિલ્ડિંગને ખોદકામની જગ્યા સાથે જોડે છે. ઉત્ખનન સ્થળ પર કાયમી માળખું : મુલાકાતીઓને પુરાતત્ત્વીય અવશેષોનું સલામત અને માહિતીપ્રદ દૃશ્ય પ્રદાન કરવું. 12,500 ચોરસ મીટરમાં ફેલાયેલા આ મ્યુઝિયમ સંકુલમાં નવ થીમ આધારિત ગેલેરીઓ છે અને 4,000 ચો.મી. અવશેષો સાથે ખોદકામ સ્થળ 16-18 મીટર ઊંડા સુધી દૃશ્યમાન છે. રૂ.ના રોકાણ સાથે. 298 કરોડ, આ પ્રોજેક્ટ લાંબા ગાળાની ટકાઉપણું, મૂડીખર્ચ અને પાંચ વર્ષની કામગીરી અને જાળવણીને સમાવિષ્ટ કરે છે. વડનગરની ઉત્ક્રાંતિની વાર્તા કહેતી 5,000થી વધુ કલાકૃતિઓનું પ્રદર્શન કરીને, ભૌતિક પ્રદર્શનો અને ઇમર્સિવ ડિજિટલ અનુભવોના અનોખા મિશ્રણથી મુલાકાતીઓ મંત્રમુગ્ધ થશે. તે સિરામિક એસેમ્બલીઝ, શેલ મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદનો અને કાચો માલ), સિક્કા, અલંકારો, શસ્ત્રો અને સાધનો, શિલ્પો, રમતની વસ્તુઓ, તેમજ ખાદ્ય અનાજ, ડીએનએ અને હાડપિંજરના અવશેષો જેવી કાર્બનિક સામગ્રી જેવી વસ્તુઓની વિશાળ શ્રેણી દર્શાવે છે. એક મુખ્ય વિશેષતા એ છે કે મ્યુઝિયમનું વાસ્તવિક ખોદકામ સ્થળ સાથે એકીકરણ. એક વોકવે મુલાકાતીઓને પુરાતત્ત્વીય અવશેષો સાથે જોડાવા માટે પરવાનગી આપે છે, જે નગરના ભૂતકાળની અનન્ય અને ઇમર્સિવ સમજ પ્રદાન કરે છે.

આ પ્રોજેક્ટમાં પૂરક પહેલોની શ્રેણીનો સમાવેશ થાય છે - વડનગરના પુરાતત્ત્વમાં વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે અગ્રણી વિદ્વાનો અને સંશોધકોની આંતરરાષ્ટ્રીય પરિષદ; નગરના સમૃદ્ધ ઇતિહાસને વ્યાપક પ્રેક્ષકો સમક્ષ પ્રદર્શિત કરવા ડિસ્કવરી ચેનલ દ્વારા ટેલિવિઝન શ્રેણી; અને પ્રેરણા સ્કૂલ, યુવા દિમાગને પ્રેરિત કરવા અને ભારતના વારસા માટે આવતીકાલના પાલક નેતાઓને પ્રેરણા આપવાનો એક અનોખો શૈક્ષણિક કાર્યક્રમ. પુરાતત્ત્વીય મ્યુઝિયમ, વડનગર ભારતમાં સંગ્રહાલયના વિકાસ માટે એક નવો માપદંડ સેટ કરે છે, જે નવીન ડિઝાઇનની શક્તિ, અદ્યતન ટેકનોલોજી અને આપણા સહિયારા વારસાને સાચવવા અને પ્રદર્શિત કરવા માટે ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે.



## વિશ્વ વિરાસત બન્યું વડનગર
## વારસો જીવંત, વિકાસ અનંત

હાટકેશ મહાદેવના આશિષ સદાય છે જેના પર
આનર્તપુર આનંદપુર કે વિપ્રપુર કે પછી વૃદ્ધ નગર
રાષ્ટ્રભક્તિ, સંકલ્પશક્તિનું બિલીપત્ર છે અર્પણ
ગરવા ગુર્જર વારસા કેરું આજે થયું છે તર્પણ
અઢી હજાર વર્ષોની કથા પર ચડ્યા કાળના થર
એવું અનંત અનાદિ નગર, જેનું નામ છે વડનગર

શૈવ, બૌદ્ધ ને જૈન ધર્મનાં સોહે શ્રદ્ધાસ્થાન
કલાની દેવી માત સરસ્વતીનું અહીંયા સન્માન
દીપક રાગનો દાહ શમાવતું રાગ મલ્હારનું ગાન
પાવનકારી શાતાદાયી છે શર્મિષ્ઠા સ્નાન
પવિત્ર ધરતી પર શોભે છે કીર્તિસ્તંભ અતિ સુંદર
હાટકેશ મહાદેવના આશિષ સદાય છે જેના પર
એવું અનંત અનાદિ નગર, જેનું નામ છે વડનગર

સામા વ્હેણે સમયના જેણે સાચવ્યો છે ધબકાર
સદાય મોખરે રહ્યું સાચવી ગૌરવ ને સંસ્કાર
વ્યાપારી વ્યવહારની વચ્ચે બન્યું એ વિદ્યાધામ
કલાક્ષેત્રમાં રોશન છે આનર્ત પ્રદેશનું નામ
બિલીપત્રથી મહાદેવને આરાધે છે નાગર
હાટકેશ મહાદેવના આશિષ સદાય છે જેના પર
એવું અનંત અનાદિ નગર , જેનું નામ છે વડનગર

ભૂતકાળ જ્યાં મીઠું મલકે વિકસિત છે વર્તમાન
સાત સાત નવસર્જનકાળનું સાચવતો સન્માન
આવનારી પેઢીને માટે સાચવ્યો છે ઇતિહાસ
આજે સઘળું બન્યું સુરક્ષિત વેરાયું'તું ચોપાસ
હર્ષિત છે નરનારી આજે પુલકિત છે અહીં ઘરઘર
હાટકેશ મહાદેવના આશિષ સદાય છે જેના પર
એવું અનંત અનાદિ નગર , જેનું નામ છે વડનગર

સગરરાજનો પુત્ર ધરા પર ભાગીરથીને લાવ્યો
હતું અસંભવ કીધું સંભવ ગંગામહિમા ગાયો
રાષ્ટ્ર અસ્મિતાના દર્શનનું નવલું તીરથધામ
રાષ્ટ્ર પ્રથમ એ મંત્રને સાર્થક કરતું શોભે કામ
એ હેતુથી દિવ્ય ભવ્ય આ વારસો કર્યો ઉજાગર
હાટકેશ મહાદેવના આશિષ સદાય છે જેના પર
એવું અનંત અનાદિ નગર, જેનું નામ છે વડનગર

**- તુષાર શુક્લ**

મુખ્યમંત્રી તરીકે જનતાની સેવા કરવાની તક મળી અને જનતાની સમસ્યાઓનું સમાધાન કરવા અવિરતપણે કાર્યરત રહેવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

શ્રી શાહે કહ્યું કે, દેશમાં પરિવારવાદની રાજનીતિને સમાપ્ત કરી પોલિટિક્સ ઓફ પર્ફોર્મન્સ સ્થાપવાનું કાર્ય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. પ્રત્યેક ક્ષેત્રને સાંકળી લઈ શ્રી મોદીજીએ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસનું બીડું ઝડપ્યું જેને ગુજરાત મોડલના નામથી સમગ્ર દેશે વખાણી અને સ્વીકાર્યું. મોદીજીના દૂરંદેશી અને મજબૂત નેતૃત્વ અને પરિણામે 5 ઓગસ્ટ 2019 ના રોજ કાશ્મીરમાંથી કલમ 370 નાબૂદ કરવામાં આવી અને કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બન્યું અને સરદાર પટેલનું સ્વપ્ન પૂર્ણ થયું. અયોધ્યામાં ૫૫૦ વર્ષ જૂના પ્રભુ શ્રીરામના મંદિરના વિવાદનો પણ અંત આવ્યો. આતંકવાદ અને નક્સલવાદ સામે દૃઢ સંકલ્પ અને સાતત્યપૂર્ણ અભિયાનના કારણે આતંકવાદ અને અક્ષરવાદ દેશમાં અંતિમ શ્વાસો ગણી રહ્યા છે. દૃઢ સુરક્ષા નીતિથી સર્જીકલ સ્ટ્રાઈક - એર સ્ટ્રાઈક થકી ભારતે દુનિયામાં સંદેશ આપ્યો કે ભારતની સેના અને સીમા બંને સાથે કોઈ છેડખાની નહીં ચલાવી લેવાય, નહીંતર પરિણામ ભોગવવાં પડશે.

શ્રી શાહે કહ્યું કે, સુસજ્જ સેના, ગરીબ-આદિવાસી-દલિત-વંચિતોનું કલ્યાણ, ગ્રામીણ વિકાસ તેમજ કૃષિને અર્થતંત્રનો મજબૂત સ્તંભ બનાવવાનું કાર્ય મોદીજીએ કર્યું છે. વિધાનસભા અને સંસદમાં મહિલાઓને 33% આરક્ષણ, ત્રણ તલાક નાબૂદી, કન્યા કેળવણી સહિતનાં કામ મોદીજીએ કર્યાં છે. રોજગારી અને ગ્રામીણ વિકાસ માટે સહકાર મંત્રાલયની સ્થાપના થઈ. સ્ટાર્ટઅપની ભરમાર, ટેકનોલોજીના ભરપૂર ઉપયોગ થકી એડમિનિસ્ટ્રેશનને સીધા ગરીબના ઘર સુધી પહોંચાડવામાં આવ્યું છે.

શ્રી શાહે કહ્યું કે, આગામી 500 વર્ષ પછી વડનગરનો ઇતિહાસ લખાશે ત્યારે તાનારીરી અને અન્ય મહાનુભાવોની સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મસ્થાનના રૂપમાં પણ વડનગરને યાદ કરાશે તે પ્રકારનું રાષ્ટ્રહિતનું કામ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. પ્રધાનમંત્રી શ્રી એ બાળપણમાં જે શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું ત્યાં પ્રેરણા સંકુલ પરિષદનું ઔપચારિક ઉદ્ઘાટન જે કરવામાં આવ્યું છે, રમતગમત સંકુલ પણ આજે લોકાર્પિત થયું છે.



# જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ ટનલનું ઉદ્‌ઘાટન




## 2024માં 2 કરોડથી વધુ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

### પડકારો હોવા છતાં, આપણો સંકલ્પ ડગમગ્યો નથી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં સોનમર્ગ ટનલનું ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે સભાને સંબોધતાં, તેમણે મજૂરોનો આભાર માન્યો, જેમણે સખત મહેનત કરી છે અને જમ્મુ-કાશ્મીર અને ભારતના વિકાસ માટે પોતાનું જીવન પણ દાવ પર લગાવ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે "પડકારો હોવા છતાં, આપણો સંકલ્પ ડગમગ્યો નથી." તેમણે મજૂરોના તેમના સંકલ્પ અને પ્રતિબદ્ધતા માટે અને કામ પૂર્ણ કરવા માટેના તમામ અવરોધોનો સામનો કરવા બદલ પ્રશંસા કરી. તેમણે 7 મજૂરોના નિધન પર પણ શોક વ્યક્ત કર્યો હતો.

સુંદર બરફથી ઢંકાયેલા પહાડો અને આહ્‌લાદક હવામાનની પ્રશંસા કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેવાની તેમની આતુરતા જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તાજેતરની તસવીરો જોઈને વધી ગઈ છે. વડા પ્રધાને તેમના પહેલાંના દિવસોની યાદ તાજી કરી જ્યારે તેઓ તેમની પાર્ટી માટે કામ કરતી વખતે વારંવાર પ્રદેશની મુલાકાત લેતા હતા. તેણે સોનમર્ગ, ગુલમર્ગ, ગાંદરબલ અને બારામુલ્લા જેવા વિસ્તારોમાં નોંધપાત્ર સમય વિતાવવાનો ઉલ્લેખ કર્યો, ઘણી વાર કલાકો સુધી ચાલવું અને કેટલાક કિલોમીટર કવર કરવું. તેમણે ઉમેર્યું હતું કે ભારે હિમવર્ષા છતાં, જમ્મુ અને કાશ્મીરના લોકોની ગરમીએ ઠંડીને સહજ બનાવી દીધી છે.

આજનો દિવસ ખાસ હતો તે સ્વીકારતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં ઉત્સવનો માહોલ હતો. તેમણે પ્રયાગરાજમાં મહાકુંભની શરૂઆત પર કહ્યું કે, અહીં લાખો લોકો પવિત્ર સ્નાન માટે એકઠા થઈ રહ્યા છે. વડાપ્રધાને પંજાબ અને ઉત્તર ભારતના અન્ય ભાગોમાં લોહરીની ઉજવણી તેમજ ઉત્તરાયણ, મકરસંક્રાંતિ અને પોંગલ જેવા તહેવારોનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ તહેવારોની ઉજવણી કરતા દરેકને શુભેચ્છાઓ પાઠવી હતી. વડા પ્રધાને ખીણમાં ચિલ્લાઈકલાનના 40-દિવસના પડકારજનક સમયગાળાને સ્વીકાર્યો અને લોકોની સ્થિતિસ્થાપકતાની પ્રશંસા કરી. તેમણે હાઈલાઇટ કર્યું હતું કે આ સિઝન સોનમર્ગ જેવા પ્રવાસન સ્થળો માટે નવી તકો લાવે છે, જે દેશભરના મુલાકાતીઓને આકર્ષે છે જેઓ કાશ્મીરના લોકોના આતિથ્યનો આનંદ માણે છે.

### ટનલ સોનમર્ગ, કારગિલ અને લેહના લોકોના જીવનમાં નોંધપાત્ર રીતે સરળતા લાવશે

જમ્મુ રેલ ડિવિઝનના તાજેતરના શિલાન્યાસને ઉજાગર






કરતાં વડાપ્રધાને લોકો માટે એક મહત્વપૂર્ણ ભેટની જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતુ હતી કે આ લોકોની લાંબા સમયથી માંગ હતી. સોનમર્ગ ટનલના ઉદ્‌ઘાટનની જાહેરાત કરતાં અને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના લોકોની લાંબા સમયથી ચાલતી માંગને પૂર્ણ કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આ ટનલ સોનમર્ગ, કારગિલ અને લેહના લોકોના જીવનમાં નોંધપાત્ર રીતે સરળતા લાવશે. વડા પ્રધાને જણાવ્યું હતું હતી કે આ ટનલ હિમપ્રપાત, ભારે હિમવર્ષા અને ભૂસ્ખલન દરમિયાન પડતી મુશ્કેલીઓમાં ઘટાડો કરશે, જેના કારણે ઘણીવાર રસ્તાઓ બંધ થઈ જાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટનલ મોટી હોસ્પિટલોની પહોંચમાં સુધારો કરશે અને આવશ્યક પુરવઠાની ઉપલબ્ધતાને સુનિશ્ચિત કરશે, જેનાથી રહેવાસીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારો ઘટશે.

તેમની સરકાર સત્તામાં આવ્યા પછી 2015માં સોનમર્ગ ટનલનું વાસ્તવિક બાંધકામ શરૂ થયું હતું. તેઓ ખુશ હતા કે તેમના વહીવટ હેઠળ ટનલનું બાંધકામ પૂર્ણ થયું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ટનલ શિયાળાની મોસમમાં સોનમર્ગ સાથે જોડાણ જાળવી રાખશે અને સમગ્ર પ્રદેશમાં પ્રવાસનને વેગ આપશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં આગામી દિવસોમાં અસંખ્ય રોડ અને રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાની તૈયારીમાં છે. વડાપ્રધાને નજીકમાં ચાલી રહેલા અન્ય એક મોટા કનેક્ટિવિટી પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો અને કાશ્મીર ખીણમાં આગામી રેલ કનેક્શનની આસપાસના ઉત્સાહની નોંધ લીધી. તેમણે નવા જમ્મુ અને કાશ્મીરના ભાગરૂપે નવા રસ્તાઓ, રેલ્વે, હોસ્પિટલો અને કોલેજોના વિકાસ પર પ્રકાશ પાડ્યો. પ્રધાનમંત્રીએ ટનલ અને વિકાસના નવા યુગ માટે દરેકને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યાં હતાં.

**છેલ્લા 10 વર્ષોમાં, જમ્મુ-કાશ્મીર સહિત સમગ્ર દેશમાં 4 કરોડ ગરીબ પરિવારોને કાયમી મકાનો મળ્યાં છે**

2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની પ્રગતિને ઉજાગર કરતાં, કોઈ પણ ક્ષેત્ર કે કુટુંબ પાછળ ન રહેવું જોઈએ તેના પર ભાર મૂકતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે સરકાર "સબકા સાથ, સબકા વિકાસ"ની ભાવના સાથે કામ કરી રહી છે અને છેલ્લાં 10 વર્ષોમાં, જમ્મુ-કાશ્મીર સહિત સમગ્ર દેશમાં 4 કરોડ ગરીબ પરિવારોને કાયમી મકાનો મળ્યાં છે. તેમણે જાહેરાત કરી હતી કે આગામી વર્ષોમાં ગરીબોને વધારાનાં 3 કરોડ નવા મકાનો આપવામાં આવશે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે ભારતમાં લાખો લોકો મફત તબીબી સારવાર મેળવી રહ્યા છે, જેનાથી જમ્મુ અને કાશ્મીરના લોકોને પણ ફાયદો થઈ રહ્યો છે. તેમણે યુવાનોના શિક્ષણને





ટેકો આપવા માટે દેશભરમાં નવી IITs, IIMs, AIIMS, મેડિકલ કોલેજો, નર્સિંગ કોલેજો અને પોલિટેકનિક કોલેજોની સ્થાપના પર પ્રકાશ પાડ્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં, તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા એક દાયકામાં ઘણી ટોચની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી, જેનો સ્થાનિક યુવાનોને ઘણો ફાયદો થયો હતો.

## જમ્મુ અને કાશ્મીરમાં રૂા.42,000 કરોડથી વધુના રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે

જમ્મુ અને કાશ્મીરથી અરુણાચલ પ્રદેશ સુધીના વ્યાપક માળખાગત વિકાસ પર ભાર મૂકતાં વડાપ્રધાને જણાવ્યું હતું હતી કે જમ્મુ અને કાશ્મીર ટનલ, ઊંચા પુલ અને રોપવેનું હબ બની રહ્યું છે, જેમાં વિશ્વની કેટલીક સૌથી ઊંચી ટનલ અને સૌથી ઊંચા રેલ-રોડ બ્રિજ અહીં બનાવવામાં આવી રહ્યા છે. વડાપ્રધાને ચેનાબ બ્રિજની એન્જિનિયરિંગ અજાયબીની નોંધ લીધી, જ્યાં તાજેતરમાં પેસેન્જર ટ્રેનની ટ્રાયલ પૂર્ણ થઈ હતી. તેમણે કાશ્મીરની રેલ્વે કનેક્ટિવિટી વધારતા કેબલ બ્રિજ, ઝોજિલા, ચેનાની નાશરી અને સોનમર્ગ ટનલ પ્રોજેક્ટ્સ અને ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક પ્રોજેક્ટ સહિત અનેક મુખ્ય પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ શંકરાચાર્ય મંદિર, શિવખોરી અને બાલતાલ-અમરનાથ રોપવે તેમજ કટરા-દિલ્હી એક્સપ્રેસ વે માટેની યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં રૂા.42,000 કરોડથી વધુના રોડ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં ચાર નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સ અને બે રિંગ રોડનો સમાવેશ થાય છે. વડા પ્રધાને જણાવ્યું હતું હતી કે સોનમર્ગ જેવી 14 થી વધુ ટનલ બનાવવામાં આવી રહી છે, જે જમ્મુ અને કાશ્મીરને દેશના સૌથી વધુ જોડાયેલા પ્રદેશોમાંનો એક બનાવે છે.

## 2024માં 2 કરોડથી વધુ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી

એક વિકસિત રાષ્ટ્ર બનવાની ભારતની યાત્રામાં પ્રવાસન ક્ષેત્રના નોંધપાત્ર યોગદાનને રેખાંકિત કરતાં વડા પ્રધાને જણાવ્યું હતું કે બહેતર કનેક્ટિવિટી પ્રવાસીઓને જમ્મુ અને કાશ્મીરના અગાઉના અસ્પૃશ્ય અને અન્વેષિત વિસ્તારોમાં પહોંચવા દેશે. તેમણે છેલ્લા એક દાયકામાં પ્રદેશમાં હાંસલ કરેલી શાંતિ અને પ્રગતિની નોંધ લીધી, જેનાથી પ્રવાસન ક્ષેત્રને પહેલાંથી જ ફાયદો થયો છે. "2024 માં, 2 કરોડથી વધુ પ્રવાસીઓએ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લીધી હતી, જેમાં છેલ્લા દસ વર્ષમાં સોનમર્ગમાં પ્રવાસીઓમાં છ ગણો વધારો જોવા મળ્યો હતો", શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નોંધ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વૃદ્ધિથી સ્થાનિક વ્યવસાયોને ફાયદો થયો છે, જેમાં હોટલ, હોમસ્ટે, ઢાબા, કપડાંની દુકાનો અને ટેક્સી સેવાઓનો સમાવેશ થાય છે. વડા પ્રધાન બાંધકામ કામદારોને પણ મળ્યા જેમણે આ એન્જિનિયરિંગ પરાક્રમમાં તેમના યોગદાનને સ્વીકારીને અત્યંત કઠોર પરિસ્થિતિઓમાં સાવચેતીપૂર્વક કામ કર્યું છે.

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ SVAMITVA યોજના હેઠળ 10 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કર્યું




# સ્વામિત્વ યોજના શરૂ કરી અમે નક્કી કર્યું છે કે ડ્રોનની મદદથી દેશના દરેક ગામમાં ઘર અને જમીનનું મેપિંગ કરવામાં આવશે, ગામડાંના લોકોને તેમની રહેણાક મિલકતના કાગળો આપવામાં આવશે – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 10 રાજ્યો અને 2 કેન્દ્રશાસિત પ્રદેશોના 230થી વધુ જિલ્લાઓમાં 50000થી વધુ ગામડાંઓમાં સ્વામિત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ્સનું વિતરણ કર્યું. આ પ્રસંગને સંબોધતાં, તેમણે જણાવ્યું હતું કે આજનો દિવસ ભારતનાં ગામડાંઓ અને ગ્રામીણ વિસ્તારો માટે એક ઐતિહાસિક દિવસ હતો અને આ પ્રસંગે તમામ લાભાર્થીઓ અને નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી.

સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટી કાર્ડ્સ વિતરણના આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડા સહભાગી થયા હતા.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું હતી કે પાંચ વર્ષ પહેલાં, ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકોને તેમનાં પ્રોપર્ટી કાર્ડ મળે તે સુનિશ્ચિત કરવા માટે SVAMITVA યોજના શરૂ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે વિવિધ રાજ્યો મિલકત માલિકી પ્રમાણપત્રોને વિવિધ નામોથી સંદર્ભિત કરે છે, જેમ કે ઘરોની, અધિકાર અભિલેખ, પ્રોપર્ટી કાર્ડ, માલમત્તા પત્રક અને આવાસિયા ભૂમિ પટ્ટા. "છેલ્લાં 5 વર્ષમાં 1.5 કરોડથી વધુ લોકોને SVAMITVA કાર્ડ આપવામાં આવ્યાં છે", શ્રી મોદીએ કહ્યું. એ કાર્યક્રમમાં તેમણે ઉમેર્યું હતું કે 65 લાખથી વધુ પરિવારોને આ કાર્ડ મળ્યાં છે. વડા પ્રધાને જણાવ્યું હતું કે સ્વામિત્વ યોજના હેઠળ, ગામડાંઓમાં લગભગ 2.25 કરોડ લોકોને હવે તેમનાં ઘર માટે કાનૂની દસ્તાવેજો પ્રાપ્ત થયા છે. તેમણે તમામ લાભાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

21મી સદીમાં આબોહવા પરિવર્તન, પાણીની અછત, આરોગ્યની કટોકટી અને રોગચાળા સહિતના અસંખ્ય પડકારો રજૂ કરે છે તેની નોંધ કરતાં, વડા પ્રધાને પ્રકાશ પાડ્યો હતો કે વિશ્વ સમક્ષ અન્ય એક મહત્ત્વનો પડકાર મિલકત અધિકારો અને કાનૂની મિલકત દસ્તાવેજોનો અભાવ છે. વડાપ્રધાને સંયુક્ત રાષ્ટ્રના અભ્યાસને ટાંક્યો હતો જેમાં જાણવા મળ્યું હતું કે વિવિધ દેશોમાં ઘણા લોકો પાસે તેમની મિલકત માટે યોગ્ય કાયદાકીય દસ્તાવેજો નથી. તેમણે ઉમેર્યું હતું કે યુએનએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગરીબી ઘટાડવા માટે લોકો પાસે મિલકતના અધિકારો હોવા જરૂરી છે.

શ્રી મોદીએ જણાવ્યું હતું હતી કે ભારત મિલકત અધિકારોના



## વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં પીપલ સેન્ટ્રીક અભિગમ થકી પાછલાં ૧૦ વર્ષોમાં ગરીબ, વંચિત અને છેવાડાના માનવીઓના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી – કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડા



કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પીપલ સેન્ટ્રીક અભિગમ થકી પાછલાં ૧૦ વર્ષોમાં ગરીબ, વંચિત અને છેવાડાના માનવીઓનાં કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં શરૂ કરાયેલી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, સ્વચ્છ ભારત અભિયાન, પીએમ સ્વનિધિ યોજના, સ્ટેન્ડ અપ ઇન્ડિયા, સ્ટાર્ટ અપ ઇન્ડિયા, પીએમ આયુષ્યમાન ભારત યોજના, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના સહિતની અનેકવિધ યોજનાઓ થકી દેશભરમાં ગરીબ, વંચિત, યુવા, મહિલાઓ અને ખેડૂતોના જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

વધુમાં વાત કરતાં કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સ્વામિત્વ યોજના અંતર્ગત મળતાં પ્રોપર્ટી કાર્ડ દ્વારા દેશના ગ્રામીણ વિસ્તારોમાં ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામજનોને તેમની મિલકતોના માલિકી હક્કો મળશે. જેના લીધે મિલકત સંબંધિત વિવાદોનું સુખદ નિરાકરણ આવશે. ગ્રામીણ લોકોને પ્રોપર્ટી કાર્ડ થકી વિવિધ યોજનાના લાભો અને આર્થિક સહાયો મેળવવામાં સરળતા રહેશે. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાનાં કુલ ૧૩,૮૩૧ ગામોમાં ડ્રોન દ્વારા માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે પૈકી ૭૧૮૯ ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ કરી ૧૨,૨૩,૪૫૧ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે.

વૈશ્વિક પડકારથી મુક્ત નથી. તેમણે નોંધ્યું હતું કે લાખો-કરોડોની સંપત્તિ હોવા છતાં, ગ્રામવાસીઓ પાસે ઘણીવાર કાનૂની દસ્તાવેજોનો અભાવ હોય છે, જેના કારણે વિવાદો અને શક્તિશાળી વ્યક્તિઓ દ્વારા ગેરકાયદેસર વ્યવસાય પણ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે કાનૂની દસ્તાવેજો વિના, બેંકોએ પણ આવી મિલકતોથી તેમનું અંતર રાખ્યું છે. વડા પ્રધાને હાઈલાઇટ કર્યું હતું કે અગાઉની સરકારોએ આ મુદ્દાને ઉકેલવા માટે નક્કર પગલાં લીધાં ન હતાં.

સ્વામીત્વ યોજના અંગે વિસ્તૃત માહિતી આપતાં તેમણે કહ્યું કે તેમાં ડ્રોનનો ઉપયોગ કરીને ગામડાંઓમાં મકાનો અને જમીનોના મેપિંગ અને ગ્રામજનોને રહેણાંક મિલકત માટે કાનૂની દસ્તાવેજો પૂરા પાડવાનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે આ યોજનાના ફાયદા હવે દેખાઈ રહ્યા છે. સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓ સાથેની તેમની અગાઉની વાતચીતનો ઉલ્લેખ કરીને, જેમણે કહ્યું હતું કે કેવી રીતે આ યોજનાએ તેમના જીવનમાં પરિવર્તન લાવ્યું છે.

"ભારતમાં 6 લાખથી વધુ ગામો છે, જેમાંથી લગભગ અડધા ભાગમાં ડ્રોન સર્વે પૂર્ણ થયા છે", વડા પ્રધાને ટિપ્પણી કરી. તેમણે હાઈલાઇટ કર્યું કે કાનૂની દસ્તાવેજો પ્રાપ્ત કર્યા પછી, લાખો લોકોએ તેમની મિલકતના આધારે બેંકો પાસેથી લોન લીધી હતી, તેમનાં ગામોમાં નાના વ્યવસાયો શરૂ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે આમાંના ઘણા લાભાર્થીઓ નાના અને મધ્યમ ખેડૂત પરિવારો છે, જેમના માટે આ પ્રોપર્ટી કાર્ડ આર્થિક સુરક્ષાની નોંધપાત્ર ગેરંટી બની ગયા છે. વડા પ્રધાને નોંધ્યું હતું કે દલિત, પછાત અને આદિવાસી પરિવારો ગેરકાયદે વ્યવસાયો અને લાંબા કોર્ટ વિવાદોથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. તેમણે જણાવ્યું હતું કે કાનૂની પ્રમાણપત્ર સાથે, તેઓ હવે આ સંકટમાંથી મુક્ત થશે. તેમણે એક અંદાજનો ઉલ્લેખ કર્યો કે એકવાર તમામ ગામોમાં પ્રોપર્ટી કાર્ડ જારી કરવામાં આવે તો તે 100 લાખ કરોડ રૂપિયાથી વધુની આર્થિક પ્રવૃત્તિઓને અનલોક કરશે. વડા પ્રધાને દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર મૂડી ઉમેરવા પર ભાર મૂક્યો હતો.

"અમારી સરકાર જમીન પર ગ્રામ સ્વરાજનો અમલ કરવા માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહી છે", શ્રી મોદીએ ઉદ્‌બોધન કર્યું અને જણાવ્યું



## સ્વામિત્વ યોજના ગ્રામીણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ – મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



અમદાવાદ ખાતેથી રાજયકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારતનો આત્મા ગામડાંઓમાં વસેલો છે. ગામડાંઓમાં ખાસ જમીન મિલકતના વિવાદો અને ઝઘડાઓથી સમરસતાનું વાતાવરણ અત્યાર સુધી ડહોળાતું હતું, ત્યારે દેશનાં ગામડાંઓમાં જમીન સાથે સંકળાયેલા વિવાદો, તકરારો, માલિકી હકના પ્રશ્નો બધું જ ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી સર્વે અને મેપિંગ દ્વારા હલ કરવાની એક નવી દિશા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ દેશને આપી છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પારદર્શિતા સાથે ટેકનોલોજીનો ઉપયોગ જનહિતનાં કામો અને લોકોની સમસ્યા નિવારવામાં કરવાની શરૂઆત કરી છે, અને તેના પરિણામસ્વરૂપે આજે દેશને 'સ્વામિત્વ યોજના' મળી છે. આમ, જો લોકોનું ભલું કરવાની ઇચ્છાશક્તિ હોય તો નાના માણસોના પણ કેવાં મોટાં કામ થઈ શકે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાથી દેશ અને દુનિયાને બતાવ્યું છે.

સ્વામિત્વ યોજના વિશે વાત કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી 'સ્વામિત્વ યોજના'નો ફાયદો દેશભરના ગ્રામીણ વિસ્તાર અને ગરીબોને થયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'સ્વામિત્વ યોજના' અંતર્ગત ૨.૨૫ કરોડથી વધુ પ્રોપર્ટી કાર્ડ્સ તૈયાર કરવામાં આવ્યાં છે. ગુજરાતમાં પણ ૧૨ લાખ ૨૩ હજારથી વધુ પ્રોપર્ટી કાર્ડ તૈયાર થયાં છે. આજે વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં એક જ દિવસમાં ગુજરાતના ૪૧૫ ગામોના ૬૪ હજારથી વધુ પ્રોપર્ટી કાર્ડ સ્વામિત્વનું વિતરણ થયું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા ગરીબ અને ગ્રામીણ લોકોના કલ્યાણની ચિંતા કરી છે. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં સરકારની તમામ યોજનાઓમાં ગરીબ, ગ્રામીણ, વંચિત અને છેવાડાનો માનવી કેન્દ્રસ્થાને હોય છે. એટલું જ નહીં, આજે મળેલા પ્રોપર્ટીકાર્ડથી ગરીબ-ગ્રામીણ નાગરિકોને સાચું "સ્વામિત્વ" અને આત્મનિર્ભરતા મળશે, એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગામડાના લોકોને કોઈપણ વિવાદ વગર મિલકત ખરીદવાનો અને વેચવા માટેનો સરળ માર્ગ આ પ્રોપર્ટી કાર્ડ છે. આ સાથે ડ્રોન અને જી.આઈ.એસ. ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મિલકત માલિકોને અધિકારોનો રેકોર્ડ આનાથી મળતો થયો છે, જેના પરિણામે સચોટ પ્રોપર્ટી મેપિંગથી મિલકતના વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આમ, સ્વામિત્વ યોજના ગ્રામીણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મહિલા સશક્તિકરણને લઈને વડાપ્રધાનશ્રીના વિઝન અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, મિલકતોની કાનૂની માલિકીથી મહિલાઓને ઉન્નત નાણાકીય અને સામાજિક સુરક્ષા આપવાનું મહિલા સશક્તિકરણનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન પણ સાકાર થયું છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

કે સ્વામિત્વ યોજનાએ ગ્રામવિકાસ આયોજન અને અમલીકરણમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. તેમણે જણાવ્યું હતું હતી કે સ્પષ્ટ નકશા અને વસ્તીવાળા વિસ્તારોના જ્ઞાન સાથે, વિકાસકાર્યનું આયોજન ચોક્કસ હશે, નબળા આયોજનને કારણે થતા બગાડ અને અવરોધોને દૂર કરશે.

મિલકતના અધિકારો જમીનની માલિકી અંગેના વિવાદોને ઉકેલશે, જેમ કે પંચાયતની જમીન અને ચરાઈ વિસ્તારોને ઓળખવા, જેનાથી ગ્રામ પંચાયતોને આર્થિક રીતે સશક્ત બનાવાશે. હતું કે પ્રોપર્ટી કાર્ડ ગામડાંઓમાં આપત્તિ વ્યવસ્થાપનને વધારશે, આગ, પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓ દરમિયાન વળતરનો દાવો કરવાનું સરળ બનાવશે.



# આદરણીય મોદીજીએ નવી શિક્ષણનીતિમાં માર્ક્સ ઓરિએન્ટેડ નહીં પણ નોલેજ ઓરિએન્ટેડ માઈન્ડ સેટ બનાવવા પર ભાર મૂક્યો – શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં ગણપત યુનિવર્સિટી ખેરવા ખાતે 18મો પદવીદાન સમારોહ યોજાઈ ગયો હતો. શ્રી શાહે આ યુનિવર્સિટીમાંથી શિક્ષિત અને દીક્ષિત થઈને જનાર 4175 વિદ્યાર્થીઓને શીખ આપતાં જણાવ્યું હતું કે પોતાનામાં વિદ્યાર્થીને હંમેશા જીવંત રાખવો જોઈએ. શીખવાની અને નવું સંશોધન કરવાની વૃત્તિ જ માનવજીવનના પ્રગતિનો આધાર હોય છે.

શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા ખેતીવિષયક ઉત્તેજન માટે જ્યારે યોજના મૂકવામાં આવી ત્યારે તેમાં રુચિ બતાવવામાં ગણપત યુનિવર્સિટી મોખરે હતી. જીવનમાં દરેક વ્યવસાયનું પોતાનું આગવું મહત્વ હોય છે. તેઓએ આ વિદ્યા સંકુલને સાકાર સ્વરૂપ આપવા બદલ પદ્મશ્રી ગણપતભાઈ પટેલને સાધુવાદ પાઠવ્યા હતા. તેઓ કહ્યું કે વિદ્યાર્થીઓમાં કાક ચેષ્ટા, બકો ધ્યાન, શ્વાન નિદ્રા અલ્પાહારી અને ગૃહત્યાગી પાંચ ગુણ હોવા આવશ્યક છે. તેઓએ કહ્યું કે આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવા પર આઝાદી કા અમૃત મહોત્સવ થકી આદરણીય મોદીજીએ દેશના યુવાનોને આઝાદીના સંઘર્ષને યાદ કરાવ્યો અને સિદ્ધિઓનું સ્મરણ પણ કરાવ્યું. આ ઉપરાંત સો વર્ષ પછી એટલે કે 2047માં વિશ્વમાં તમામ ક્ષેત્રે અવ્વલ હોય તેવા ભારતના નિર્માણ માટે સંકલ્પ પણ લેવડાવ્યો.

શ્રી શાહે કહ્યું કે નાનામાં નાનો સંકલ્પ દરેક વ્યક્તિએ લેવો જોઈએ. આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદીજી કહ્યું હતું કે એક જ દિશામાં 140 કરોડ લોકો એક કદમ આગળ ચાલે તો દેશ 140 કરોડ કદમ આગળ વધે છે. તેઓએ કહ્યું કે આદરણીય મોદીજીએ 10 વર્ષમાં ભારતને ઉત્પાદનનું હબ બનાવ્યું આજે વિશ્વની મોટી મોટી કંપનીઓ ભારતમાં યુનિટ લગાવવા માટે ખૂબ ઉત્સાહ બતાવી રહી છે. તેનો સીધો લાભ યુવાનોને મળવાનો છે. આદરણીય મોદીજીએ યુવાનોને વૈશ્વિક પ્લેટફોર્મ આપવા માટે સ્કીલ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, મુદ્રા લોન, સ્કિલ ડેવલપમેન્ટ, આત્મ નિર્ભર ભારત યોજના તેમજ નેશનલ કેરિયર સર્વિસ જેવી યોજનાઓના માધ્યમથી ખૂબ મોટી વિશાળ તકો ઉપલબ્ધ કરાવી છે. તેઓએ કહ્યું કે તબીબી શિક્ષણમાં 2014માં 387 કોલેજ હતી જે આજે 766 બની છે તે ઉપરાંત પ્રત્યેક વર્ષે ૫૧ હજારની જગ્યાએ ૧,૧૫,૦૦૦ તેમજ માસ્ટર ડિગ્રી સાથે ૩૧ હજારની જગ્યાએ ૭૩ હજાર તબીબો બની રહ્યા છે. છેલ્લાં દસ વર્ષમાં ઉચ્ચ શિક્ષણ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતા સંસ્થાનો સ્ટેટ પબ્લિક યુનિવર્સિટીમાં 40% જેટલો વધારો થયો છે.

શ્રી શાહે ઉમેર્યું હતું કે મોકા તો અનેક હોય છે પણ લક્ષ નીચું ન હોય તો જ તેનું દહન કરી શકાય. હવે ભારતના યુવાનોને અભ્યાસની નોટ્સ નહીં પણ આઈડિયા એક્સચેન્જ કરવાની જરૂર છે. આદરણીય મોદીજીએ નવી શિક્ષણનીતિમાં માર્ક્સ ઓરિએન્ટેડ નહીં પણ નોલેજ ઓરિએન્ટેડ માઈન્ડ સેટ બનાવવા પર ભાર મૂક્યો છે. તેઓએ યુવાઓને કલ્ચર ઓફ કોમ્પિટિશન નહીં પણ કલ્ચર ઓફ કો-ઓપરેશન વિકસાવવા પણ હિમાયત કરી હતી.

શ્રી શાહે અંતમાં જણાવ્યું કે 2047નું વિકસિત ભારત યુવાઓ માટે બની રહ્યું છે. તેઓએ આદરણીય મોદીજીના વિકસિત ભારતના રોડ મેપને ગંતવ્યસ્થાને પહોંચાડવા ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને અનુરોધ કરી ઉજ્જવલ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.



## સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક, અમદાવાદ ખાતે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર્સ પ્રોગ્રામનો શુભારંભ

# ગુજરાતના નાગરિકોને પણ સીમલેસ અને સુરક્ષિત ઈમિગ્રેશન પ્રક્રિયા થકી સમયની બચત થવાની સાથે લાંબી લાઈનોમાંથી છુટકારો મળશે

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક, અમદાવાદ ખાતે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર્સ પ્રોગ્રામનો શુભારંભ કરાવ્યો હતો.

કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય મુસાફરી કરતા દેશના નાગરિકોની સુગમતા માટે ઈમિગ્રેશન ક્લિયરન્સને ઝડપી બનાવવાના હેતુથી આ અમદાવાદ સહિત મુંબઈ, ચેન્નઈ ખાતે પણ આ પહેલ શરૂ કરવામાં આવી છે. આવી રીતે દેશના કૂલ 7 એરપોર્ટ પર હવે FTI-TTP પ્રોગ્રામ એક્ટિવ થઈ જશે, જેના લીધે ઈમિગ્રેશન પ્રોસેસ ઝડપી બની જશે. પેસેન્જર્સને ઓટોમેટેડ ઈ-ગેટ પર ફાસ્ટ ચેક ઈન માટે આ ઘણું મદદરૂપ બનશે. આજથી અમદાવાદ એરપોર્ટ ખાતે પણ આ સુવિધા ઉપલબ્ધ થતા ગુજરાતના નાગરિકોને પણ ઝડપી, સીમલેસ, ફાસ્ટટ્રેક અને સુરક્ષિત ઇમિગ્રેશન પ્રક્રિયાનો લાભ મળશે અને સમયની બચત થવાની સાથે લાંબી લાઈનોમાંથી છુટકારો મળશે.



FTI-TTP, વર્ષ 2024મા દિલ્હીના IGI એરપોર્ટ પર શરૂ કરવામાં આવ્યું હતું, જે પ્રી વેરિફાઈડ ઇન્ડિયન નેશનલ્સ એન્ડ ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા (OCI) કાર્ડધારકોને ટાર્ગેટમાં રાખીને બનાવવામાં આવ્યું હતું. આ પ્રક્રિયામાં એકવાર નોંધણી થયા પછી, મુસાફરો ઓટોમેટેડ ઈ-ગેટ પર તેમના બોર્ડિંગ પાસ અને પાસપોર્ટને સ્કેન કરીને લાંબી લાંબી લાઇનોથી છુટકારો મેળવશે, એટલે એમ કહી શકાય કે તેઓ સમગ્ર ઇમિગ્રેશન પ્રક્રિયા બાયપાસ કરી શકશે.

બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા ગણતરીની સેકન્ડોમાં જ ઇમિગ્રેશન ક્લિયરન્સ પણ પૂરું પાડવામાં આવશે. FTI-TTP આખરે દેશભરમાં 21 મોટા એરપોર્ટ સુધી એક્સપાન્ડ પણ થઈ શકે છે, જે યુનાઇટેડ સ્ટેટ્સના ગ્લોબલ એન્ટ્રી પ્રોગ્રામ જેવી જ ઝડપી, સરળ ઇમિગ્રેશન સેવાઓ પ્રદાન કરશે. આ પ્રોગ્રામ બે ફેઝમાં ઈમ્પ્લિમેન્ટ થશે. જેના પહેલા ફેઝમાં ઇન્ડિયન સિટિઝન અને OCI કાર્ડધારકોને આવરી લેવામાં આવશે. ત્યારબાદ બીજા ફેઝમાં ફોરેન ટૂરિસ્ટ્સને આવરી લેવામાં આવી શકે છે.

FTI-TTP ઓનલાઇન પોર્ટલ થકી ઈમ્પ્લિમેન્ટ કરાયું છેઃ https://ftittp.mha.gov.in. આ પોર્ટલ પર એપ્લિકન્ટ્સે ઓનલાઇન રજિસ્ટ્રેશન પૂરું કરીને તમામ ડિટેલ્સ અપલોડ કર્યા બાદ જરૂરી તમામ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરવાના રહેશે. જે એપ્લિકન્ટ્સના બાયોમેટ્રિક ડેટા રજિસ્ટર થઈ ગયા છે તેમના ડેટા ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ અથવા એરપોર્ટ પર કલેક્ટ કરવામાં આવી શકે છે. ટ્રાવેલરે તેમને એરલાઇન દ્વારા જારી કરાયેલો બોર્ડિંગ પાસ ઈ ગેટ પર સ્કેન કરાવવાનો રહેશે. આ બધી જ પ્રોસેસ પાસપોર્ટ સ્કેનિંગ સમયે પૂરી કરવાની રહેશે. અરાઈવલ અને ડિપાર્ચર પોઈન્ટ પર પેસેન્જર્સનાં બાયોમેટ્રિક્સની ચકાસણી થશે, ઈ ગેટ પર તમામ માહિતીનું વેરિફિકેશન પણ કરાવમાં આવશે. એકવાર ઓથેન્ટિકેશન પૂરું થઈ જશે પછી ઈ-ગેટ ઓપન થશે અને ઈમિગ્રેશન ક્લિયરન્સની મંજૂરી મળશે.



# પુણ્યશ્લોક અહલ્યાદેવી હોલકર



અહલ્યાદેવી નામે આપણા દેશમાં બે મહાન મહિલાઓ થઈ ગયાં. એક તે ગૌતમ ઋષિનાં પત્ની અને બીજા તે ઈન્દોરનાં મહારાણી. આપણે અહીં ઈન્દોરનાં મહારાણીની વાત કરવાની છે.

## બાળપણ

ચોંડ ગામ સીના નદીના કિનારે વસેલું હતું. નદીકિનારે એક શિવમંદિર હતું. ગામલોકો સવાર-સાંજ ત્યાં દર્શનાર્થે આવતા. એક સવારે કેટલીક સ્ત્રીઓ મંદિરે આવી ત્યારે તેમની સાથે બાળકીઓ પણ હતી, પરંતુ આ બાળકીઓ મંદિરમાં ન ગઈ. તેમણે નદીની રેતીમાં શિવલિંગ બનાવ્યું. એવામાં પેશવાના પડાવમાંથી એક ઘોડો એ તરફ ધસી આવ્યો. બધી છોકરીઓ નાઠી, પરંતુ આઠ વર્ષની એક છોકરી શિવલિંગ આડે ઊભી રહી ગઈ. જો કે ઘોડો તેને ઈજા પહોંચાડ્યા વગર ત્યાંથી પસાર થઈ ગયો. પેશવાએ આ દૃશ્ય જોયું હતું. બાળકી પાસે આવીને તેમણે કહ્યું : તું આમ ઘોડાના માર્ગ આડે ઊભી હતી તો ઘોડાએ તને કચડી નાખી હોત તો ?'

આ સાંભળીએ બાળકીએ નિર્ભયપણે કહ્યું : 'હું શિવલિંગનું રક્ષણ કરવા માટે ઘોડાના માર્ગ આડે ઊભી હતી. શું શિવલિંગનું રક્ષણ કરવું એ આપણી ફરજ નથી ? મેં તો વડીલો પાસેથી સાંભળ્યું છે કે આપણે પ્રાણના ભોગે આપણા ઇષ્ટદેવની મૂર્તિનું રક્ષણ કરવું જોઈએ.'

આ સમયે પેશવાની સાથે મલ્હારરાવ હોલકર પણ હતા. તે આ બાળકીના જવાબથી ખૂબ પ્રભાવિત થયા. બાળકી તેમના મનમાં વસી ગઈ. પોતાનો પુત્ર ખંડેરાવ તેમને યાદ આવી ગયો. તેમણે વિચાર્યું, ઉદ્દંડ અને દુર્ગુણી ખંડેરાવને આ સંસ્કારી બાળા જ સાચા માર્ગે વાળી શકશે.

આ બાળા બીજી કોઈ નહિ, પણ અહલ્યાદેવી હતાં. મલ્હારરાવ તેનાં ગુણ અને રૂપથી એટલા બધા આકર્ષિત થયા હતા કે તેમણે બીજું કશું વિચાર્યું નહિ. નહિતર તે અને અહલ્યાદેવીના પિતા માણકોજી શિંદે સમકક્ષ ન કહેવાય.

માણકોજી શિંદે ધનગર (પશુપાલક) હતા. ગામના પાટીલ (મુખી) હતા. તેમની આર્થિક પરિસ્થિતિ સામાન્ય હતી. તેમની પત્ની સુશીલાબાઈ ધર્મપરાયણ નારી હતાં. તેમને ત્યાં ૩૧ મે, ૧૭૨૫ના રોજ અહલ્યાદેવીનો જન્મ થયેલો.

એ સમયે સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતું નહિ. તેમના માટે શાળાઓ જ નહોતી, પરંતુ માણકોજી પોતાની પુત્રીને ભણાવવા માગતા હતા. એટલે તેમણે ઘેરબેઠા પુત્રીને શિક્ષણ આપ્યું. જો કે એ ખાસ કરીને ધાર્મિક શિક્ષણ હતું.

## અહલ્યાદેવી યુદ્ધમોરચે

અહલ્યાદેવી યુદ્ધમોરચે પણ જતાં. પતિ અને સસરા સાથે તેમણે સરહિંદ, બક્સર અને કોરેની લડાઈમાં ભાગ લીધો હતો. તેને કારણે આત્મવિશ્વાસ તો વધતો જ, ઉપરાંત નવા નવા પ્રદેશો જોવા મળતા. નવા નવા લોકોના પરિચયમાં આવવાનું પણ થતું.

મલ્હારરાવ હોલકર પેશવા બાલાજી બાજીરાવના વિશ્વાસુ સરદાર હતા. ઉત્તર ભારતમાંથી ચોથ ઉઘરાવવાની જવાબદારી પેશવાએ તેમને સોંપી હતી. ચોથ એટલે એક પ્રકારનો કર. જે ખંડિયા રાજાઓએ ઉપરી રાજાઓને આપવો પડતો. ઉપરી સત્તા નબળી પડતી તો ખંડિયા રાજા સ્વતંત્ર થઈ જતા. ખંડણી આપવાની ના પાડી દેતા. ક્યારેક એવું બનતું કે ખંડિયા રાજા ઉપરી સત્તા કરતાં વધુ બળવાન બનતા કે સમકક્ષ થતા ત્યારે પણ ખંડણી આપવામાં આનાકાની થતી.

ભરતપુર રાજ્ય અગાઉ ચોથ આપતું હતું, પરંતુ તેની ગાદી પર સૂરજમલ જાટ આવ્યા, એટલે પોતાને સ્વતંત્ર જાહેર કરી દીધા. ખંડણી આપવાની



ના પાડી દીધી.

એ સમયે અડધા ભારતમાં પેશવાઓનો ડંકો વાગતો હતો. સૂરજમલ જાટના પડકારને તે ન ઝીલી લે એવું તો કેમ બને ? મરાઠા સેનાએ ઉત્તર તરફ પ્રયાણ કર્યું. એ કાફલામાં મહાદજી શિંદે, રાઘોબા, મલ્હારરાવ હોલકર ઉપરાંત તેમના પુત્ર ખંડેરાવ અને પુત્રવધૂ અહલ્યાદેવી પણ હતાં.

સૂરજમલ જાટ પરાક્રમી રાજા હતા. એમ કાંઈ હાર સ્વીકારી લે એમ નહોતા. મરાઠાઓની વિશાળ સેના સામે સીધું યુદ્ધ કરી શકાય એમ નહોતું. તેમણે કિલ્લામાં રહીને રક્ષણાત્મક યુદ્ધ પસંદ કર્યું. કુંભેરીના કિલ્લામાં રહીને તેમણે લડત આપી. ચાર માસ સુધી આ રીતે યુદ્ધ ચાલ્યું. એકેય સેના પીછેહઠ કરવા તૈયાર નહોતી.

## સસરાના માર્ગદર્શન હેઠળ રાજ્યનો વહીવટ પણ તેમણે સંભાળી લીધો

અહલ્યાદેવીના પતિ ખંડેરાવ પણ વીર હતા, પરંતુ તે વિલાસી હતા. જેને કારણે તે યુદ્ધમાં ચપળતા દાખવી શકતા નહિ. ઘણીવાર તો તે અફીણનો નશો કરીને યુદ્ધમોરચે જતા. ૨૪ માર્ચ, ૧૭૫૪ના રોજ આવી જ હાલતમાં તેમણે કુંભેરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. સામે પક્ષે જાટ સેના પૂરેપૂરી સતર્ક હતી. કિલ્લાની બહાર શું બની રહ્યું છે એની રજેરજની માહિતી મેળવતી રહેતી. મોકો જોઈને તેમણે કિલ્લામાંથી ગોળીબાર કર્યો. મરાઠા સેનામાં નાસભાગ થઈ ગઈ. એમાંની એક ગોળી ખંડેરાવની છાતીમાં વાગી. ત્યાં જ ઢળી પડ્યા. પળ બે પળમાં તેમના પ્રાણ ઊડી ગયા. મરાઠાસેનામાં હાહાકાર મચી ગયો. અહલ્યાદેવીને આ સમાચાર મળ્યા ત્યારે તે બેભાન થઈ ગયાં. વૃદ્ધ મલ્હારરાવ પણ પુત્રના મૃત્યુથી ભાંગી પડ્યા. ખંડેરાવ તેમના એકના એક પુત્ર હતા.

અહલ્યાદેવી ભાનમાં આવ્યાં ત્યારે તેમણે સતી થવાનો નિર્ણય જાહેર કર્યો. બધા હચમચી ગયાં. આ સમયે પુત્ર માલેરાવ નવ વર્ષનો અને પુત્રી મુક્તાબાઈ છ વર્ષની હતી. વળી ખંડેરાવ મલ્હારરાવના એક માત્ર પુત્ર હતા. મલ્હારરાવ વયોવૃદ્ધ હતા. આવા સંજોગોમાં અહલ્યાદેવી સતી થાય તો ઘર અને રાજ્ય બંને નોંધારા બની જાય એમ હતાં. આથી મલ્હારરાવે ગળગળા થઈને પુત્રવધૂને કહ્યું : 'હવે તું જ અમારો સહારો છે, ત્યારે તું અમને છોડીને જતી રહીશ ?'

વૃદ્ધ સસરાના આ શબ્દો અહલ્યાદેવીના માંહ્યલામાં પડઘો પાડી ગયા. તેમણે સતી થવાનું માંડી વાળ્યું. બંને બાળકો અને સસરાની દેખભાળ રાખવા માંડી. સસરાના માર્ગદર્શન હેઠળ રાજ્યનો વહીવટ પણ તેમણે સંભાળી લીધો.

૧૭૬૧માં પાણીપતમાં મરાઠાઓ અને અહમદશાહ અબ્દાલી વચ્ચે યુદ્ધ થયું. પાણીપતના ત્રીજા યુદ્ધ તરીકે ઓળખાતું આ યુદ્ધ દેશના મોટા યુદ્ધોમાંનું એક હતું. મરાઠા તાકાતવાન હતા, પરંતુ વધારે પડતા આત્મવિશ્વાસ અને યોગ્ય યોજનાના અભાવે તેઓ હાર્યા. આ માત્ર મરાઠાશક્તિ ઉપર ઘા નહોતો, પરંતુ સમગ્ર દેશ પર ઘા હતો. કારણ કે અબ્દાલી વિદેશી આક્રમક હતો.

યુદ્ધને કારણે વધારે તો આર્થિક પાયમાલી વેઠવી પડે. વિકાસ અટકી પડે. કરવેરો વધારે તો પ્રજા નારાજ થાય. આવા સંજોગોમાં કરકસરપૂર્વક અને કુનેહથી વહીવટ કરવો વડે. અહલ્યાદેવી તેમાં સફળ રહ્યાં. યુદ્ધને કારણે જે માર પડ્યો હતો તેમાંથી જલદી તે બહાર આવી ગયાં. પેશવા માધવરાવને ધનની આવશ્યકતા ઊભી થઈ ત્યારે સસરાની ભલામણ મુજબ તેમણે પેશવાને આર્થિક સહાય પણ કરી.

પાણીપતના યુદ્ધમાં મરાઠાઓએ ઉત્તરનો થોડો ભાગ ગુમાવ્યો હતો. તે પાછો મેળવ્યા વગર મલ્હારરાવને શાંતિ થાય એમ નહોતી. સૈન્ય પુનઃ શક્તિશાળી બની ગયું હતું. ગુમાવેલું રાજ્ય પાછું મેળવવું જ જોઈએ એ વિચારે તેમણે ઉત્તર તરફ કૂચ કરી. આ સમયે મલ્હારરાવની ઉંમર ૭૩ વર્ષની હતી. તનથી વૃદ્ધ હતા, પરંતુ મનથી નવયુવાન હતા. મન મજબૂત હોવા છતાં શરીરે સાથ ન આપ્યો એટલે રસ્તામાં તે બીમાર પડ્યા. ઝાંસી નજીક આલમપુરમાં તેમનું અવસાન થયું. અહલ્યાદેવીને આ સમાચાર મળ્યા ત્યારે તેમણે વજ્રાઘાત અનુભવ્યો. સસરાના માર્ગદર્શન હેઠળ જ તેમના રાજ્યનો વહીવટ ચાલતો હતો. હવે શું કરવું ?

આ સમયે પુત્ર માલેરાવ એકવીસ વર્ષનો હતો. રાજગાદી પર બેસવા જેટલી તેની ઉંમર થઈ હતી. તેમ છતાં અહલ્યાદેવી તેને ગાદી પર બેસાડવા રાજી નહોતાં. કારણ કે માલેરાવ તેના પિતા ઉપર ગયો હતો. સ્વભાવનો ઉગ્ર અને બેપરવા હતો, પરંતુ અહલ્યાદેવીએ એમ વિચારીને આશ્વાસન લીધું કે એક સમયે માલેરાવના પિતામાં પણ કેટલા બધા દુર્ગુણો હતા ! જે રીતે એમનામાં પરિવર્તન આવ્યું એ રીત માલેરાવમાં પણ પરિવર્તન આવી જશે.

ઈન્દોરનું રાજ્ય સ્ત્રી સન્માનના ઉત્તમ નમૂનારૂપ હતું.



મલ્હારરાવ હોલકર વખતથી એ નિયમ હતો કે રાજ્યને જે કાંઈ મહેસૂલી આવક હતી એમાંનો ચોથો ભાગ 'સ્ત્રીધન'ના રૂપમાં અલગ રાખવામાં આવતો. આ અંગે સ્વયં બાજીરાવ પેશવાએ મલ્હારરાવ હોલકરને સનદ લખી આપી હતી. જેને કારણે હોલકરની જાગીરનો કેટલોક ભાગ તેમની પત્નીઓના અધિકારમાં હતો. મલ્હારરાવની હયાતીમાં તેમનાં પત્ની ગૌતમાબાઈ પાસે પ્રતિ વર્ષ બે લાખ એકાવન હજાર દસ રૂપિયા જેટલું 'સ્ત્રી ધન' એકત્રિત થતું. તેમાં દર વર્ષે વધારો થતો રહેતો. લોકકલ્યાણ માટે આ ધન વાપરવા છતાં વધતું રહેતું. ગૌતમાબાઈના મૃત્યુ પછી એ બધું ધન અહલ્યાદેવીને મળ્યું. આ સિવાય દર વર્ષે મકરસંક્રાંતિ, વિજયા દસમી, દિવાળી વગેરે તહેવારો પર તેમને વસ્ત્રાલંકારોની જે ભેટ મળતી તેની આવક એક લાખ તેર હજાર આઠસો રૂપિયા જેટલી થતી. ઉપરાંત કર ની પણ આવક થતી. આમ કુલ મળીને અહલ્યાદેવીના ખજાનામાં સોળ કરોડ રૂપિયા જેટલી સંપત્તિ જમા થઈ હતી. આજના હિસાબે તો એ ખૂબ મોટી રકમ કહેવાય.

પોતાની આ અંગત સંપત્તિમાંથી તેમણે પેશવા સરકાર, તુકોજી હોલકર અને મહાદજી શિંદેને ઘણી વાર મદદ કરેલી.

જો કે અહલ્યાદેવીએ તેમની પાસેનાં મોટા ભાગનાં 'સ્ત્રીધન'નો ઉપયોગ મંદિરોના જીર્ણોદ્ધાર, નવાં મંદિરોના નિર્માણ, ધર્મશાળા, નદી પર ઘાટ, સદાવ્રત, વાવ, કૂવા, તળાવ, સડક, વૃક્ષારોપણ વગેરે કામો માટે કર્યો.

**તેમના દ્વારા થયેલાં નિર્માણકાર્યોની યાદી જોઈએ.**

- **સોમનાથ : મહંમદ ગઝની દ્વારા તોડવામાં આવેલા દેશના આ પ્રથમ જ્યોર્તિલિંગના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને મૂર્તિની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા કરાવી.**
- **કાશી : ઔરંગઝેબ દ્વારા તોડી પાડવામાં આવેલા કાશીવિશ્વેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ગંગાકિનારે મણિકર્ણિકા અને દશાશ્વમેઘ ઘાટો બંધાવ્યા.**
- **ઉજ્જૈન : ચિંતામણિ ગણપતિ મંદિર બંધાવ્યું અને મહાકાલેશ્વરના પૂજનની વ્યવસ્થા કરી.**
- **ઓમકારેશ્વર : અમરેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને ગૌરી સોમનાથના મંદિરનું અધૂરું બાંધકામ પૂર્ણ કર્યું.**
- **દ્વારકા : મુખ્ય મંદિરના પૂજન-અર્ચનની વ્યવસ્થા કરી. કેદારનાથ : ત્યાં એક ધર્મશાળા બંધાવી અને પાણીનો કુંડ ખોદાવ્યો.**
- **ગંગોત્રી : વિશ્વનાથ, કેદારનાથ, ભૈરવ અને અન્નપૂર્ણા મંદિરો બંધાવ્યાં.**
- **ગયા : વિષ્ણુપાદુકા મંદિર બંધાવ્યું.**
- **ત્ર્યંબકેશ્વર : એક તળાવ અને બે મંદિરો બંધાવ્યાં.**
- **દેવપ્રયાગ : ગંગોત્રીના માર્ગ પર યાત્રીઓ માટે નિઃશુલ્ક ભોજનવ્યવસ્થા કરી.**
- **બદરીનાથ : શ્રી હરિનું મંદિર, ધર્મશાળા, સદાવ્રત તથા અનેક કુંડોનું નિર્માણ.**
- **પરલી : વૈજનાથના મંદિરનો જીર્ણોદ્ધાર.**
- **નાસિક : શ્રીરામ મંદિર બંધાવ્યું.**
- **નાથદ્વારા : ધર્મશાળા બંધાવી.**
- **અયોધ્યા : શ્રીરામ મંદિરનું નિર્માણકાર્ય.**
- **પ્રયાગ : વિશાળ ઘાટનું બાંધકામ.**
- **પુષ્કર : એક મંદિર અને ધર્મશાળાનું નિર્માણ.**
- **રામેશ્વર : ધર્મશાળા અને અન્નક્ષેત્રનો પ્રારંભ.**
- **વૃંદાવન : વાવ ખોદાવી તથા અન્નક્ષેત્રનો પ્રારંભ કર્યો.**
- **શ્રીશૈલ : મલ્લિકાર્જુનના મંદિરનું નિર્માણ.**
- **પંઢરીનાથ : શ્રીરામ મંદિરનું નિર્માણ.**
- **અમરકંટક : ધર્મશાળાનું બાંધકામ**

આવાં તો અનેક બાંધકામો તેમણે કરાવ્યાં. ભારતમાં ભાગ્યે જ કોઈ રાજાએ તીર્થસ્થાનો પાછળ આટલું ધન ખર્ચ્યું હશે. તેમ છતાં અહલ્યાદેવીને પોતાના કાર્યનું લેશમાત્ર અભિમાન નહોતું.

અહલ્યાદેવીનાં ધાર્મિક અને લોકકલ્યાણનાં કાર્યોની સમગ્ર દેશમાં પ્રશંસા થવા માંડી હતી. કેટલાંય બારોટો અને ચારણોએ તેમના પ્રશસ્તિ કાવ્યો લખ્યાં હતાં. આવો જ એક કવિ 'અહલ્યાદેવી પ્રશસ્તિ' નામનું ખંડકાવ્ય લખીને પુરસ્કારની અપેક્ષાએ મહેશ્વર આવ્યો. અહલ્યાદેવીને મળવાનો સમય માગ્યો. અહલ્યાદેવીએ કહેવડાવ્યું કે, રાજદરબારમાં તો મને સમય નહિ મળે. તમે કાલે નર્મદાતટે આવો. ત્યાં આપનું કાવ્ય સાંભળીશું.'

અહલ્યાદેવી સાંજે નર્મદામાં નૌકાવિહાર કરવા



આવતાં. બીજે દિવસે પેલો કવિ ત્યાં આવ્યો. અહલ્યાદેવીએ તેને પોતાની સાથે નૌકામાં બેસાડ્યો. નૌકામાં બે દાસીઓ અને મુનિમજી પણ હતાં.

અહલ્યાદેવીની મંજૂરી મળી એટલે કવિએ પોતાની કવિતા સંભળાવવાનો પ્રારંભ કર્યો. કાવ્ય ઘણું લાંબું હતું. તેની દરેક પંક્તિમાં અહલ્યાદેવીનાં વખાણ કરવામાં આવ્યાં હતાં, પરંતુ અહલ્યાદેવી તો નિઃસ્પૃહી અને વિનમ્ર નારી હતાં. પોતાનું નિરપેક્ષ મૂલ્યાંકન કરવાને બદલે કેવળ સ્તુતિગાન કરતાં આ કાવ્યથી તે સહેજે ફુલાયાં નહિ. ઊલટાનું તેમણે કવિને સંભળાવ્યું : 'કવિરાજ, આટલો પરિશ્રમ તમે ઈશ્વરની સ્તુતિ પાછળ લીધો હોત તો જરૂર તમને મોક્ષ મળી જાત.'

ત્યાર પછી એ કાવ્યનાં પાનાંને કપાળે અડાડીને તેને નર્મદામાં પધરાવી દીધાં. કવિને કહ્યું : 'આ સુંદર અર્થગર્ભ શબ્દો તો નર્મદા નદીને જ શોભે. હું એક મર્ત્ય જીવ છું. મને આ શબ્દપુષ્પો ન શોભે.'

તેમ છતાં અહલ્યાદેવીએ એ કવિને નિરાશ ન કર્યો. પોતાની અંગત નિધિમાંથી થોડાક રૂપિયા અને સોનાનું એક કડું આપ્યું અને કહ્યું : 'ફરી ક્યારેક આવો ત્યારે વિશ્વનિર્માતા પર કાવ્ય લખીને આવજો.'

કુરુક્ષેત્રમાં અહલ્યાદેવીને સોના-ચાંદી વડે તોલવામાં આવેલાં, પરંતુ એ બધું સોનું તેમણે દાનમાં આપી દીધેલું. એક રતિભારેય સોનાનો અંગત ઉપયોગ કરેલો નહિ.

આમ પણ અહલ્યાદેવીનું જીવન ઓછી સુવિધા ભોગવનારું હતું. કાયમ શ્વેત વસ્ત્રો પહેરતાં. અંગે અલંકારો ધારણ કરતાં નહિ. તેમનો મહેલ પણ સાદો હતો.

અહલ્યાદેવી ભગવાન શંકરના પરમ ભક્ત હતાં. તેમણે પોતાનું સમગ્ર રાજ્ય ભગવાન શિવને ચરણે અર્પિત કરી દીધું હતું. એમની સેવિકા બનીને શાસન કરતાં. શિવપૂજા કર્યા વગર તે મોંમાં પાણીનું ટીપું પણ નાખતાં નહિ. રાજાજ્ઞાઓ પર હસ્તાક્ષર કરતી વખતે તે પોતાનું નામ લખવાને બદલે કેવળ 'શ્રી શંકર' લખતાં. જ્યાં સુધી તે 'શ્રી શંકર' લખીને આજ્ઞા આપતાં નહિ ત્યાં સુધી એ રાજાજ્ઞા મનાતી નહિ અને એનો અમલ થતો નહિ. ઈન્દોર રાજ્યના રૂપિયાના સિક્કા પર પણ શિવલિંગ અને બિલ્વપત્રનું ચિત્ર અંકિત કરવામાં આવ્યું હતું. શિવરાત્રિ પર અહલ્યાદેવી તરફથી તમામ બાર જ્યોતિર્લિંગો માટે ગંગાજળની કાવડયાત્રા નીકળતી. તેનો પ્રારંભ આ પ્રકારે થતો : 'માતૃશ્રી ગંગાજલ નિર્મલ અહલ્યાદેવીસ...યાચે આશીર્વાદ.'

કોઈ પોતાના પગમાં પડતું એ અહલ્યાદેવીને ગમતું નહિ. આ અંગે તેમણે સ્પષ્ટ સૂચના આપી દીધી હતી. તેમ છતાં કોઈ પગમાં પડવાનો પ્રયાસ કરતા તો તેને પોતાના બે હાથોથી તરત ઊભા કરી દેતાં.

પોતાના કાર્યમાં અહલ્યાદેવી નિયમિત અને ચોકસાઈવાળાં હતાં. કામ પૂરું કર્યા વગર એમને જંપ વળતો નહિ. એમના દરબારમાં પેશવા સરકારના એક વકીલ હતા. તેમણે પોતાના એક પત્રમાં અહલ્યાદેવીની દિનચર્યા વિશે લખ્યું છે તે જોઈએ.....

"માતુશ્રી અહલ્યાદેવી સાયંકાળનું સ્નાન કરીને જપ કરી રહ્યાં હતાં. સમાચાર મળતાં ઉત્તર મોકલ્યો કે ભોજન બાદ પત્રો સાંભળીશ. ગ્રહણ પછીનો એ બીજો દિવસ હતો. સ્નાન-દાન કરીને તે થાકી ગયાં હતાં. આખા દિવસનો ઉપવાસ હતો. રાતે જમી પરવારીને કચેરી ભરી પથારીમાં એ એકલાં બેસી ગયાં. મંત્રીઓમાંથી રાજશ્રી વિનાયક, બાજીરાવ અને બાલાજી કૃષ્ણને બોલાવ્યા. એમના બધા જ પત્રો ધ્યાનથી સાંભળ્યા. એ જ સમયે રાતના સવા પ્રહર સુધી બેસીને ઘાટ અને નૌકાઓનાં ભિન્ન ભિન્ન સ્થાનોના અધિકારીઓને પત્રો લખાવ્યા અને એ પત્રો એ વખતે જ રવાના કરાવ્યા. જે લોકો સમીપ હતા એમને રૂબરૂ બોલાવીને સૂચનાઓ આપી અને પ્રબંધ કરી દીધો. ઉત્તર-દક્ષિણ પહાડોના ઘાટ, નૌકાઓ, ચોકીઓ, નર્મદાના બંને તટના નાવ-ઘાટો ને નેમાવર સુધીના નદી પાર કરવાના બધા જ પાયદળ માર્ગોનો પૂરેપૂરો પ્રબંધ કર્યો. ભીલ સરદારોને પત્ર લખીને એમને પણ સૂચનાઓ આપી દીધી...'

ઈન્દોર રાજ્ય દ્વારા ૧૭૮૩માં મહેશ્વર-પુણે ટપાલસેવાનો ત્રિસ્તરીય પ્રારંભ કરવામાં આવેલો.

અહલ્યાદેવીનાં પુત્રી મુક્તાબાઈ ને નથુ નામે એક પુત્ર હતો. તે અહલ્યાદેવી સાથે જ રહેતો હતો. એમના માર્ગદર્શન તળે એનો ઉછેર થતો હતો. અહલ્યાદેવીની ગણતરી તેને પોતાનો ઉત્તરાધિકારી બનાવવાની હતી. એ પ્રકારે તેનું ઘડતર કરતાં હતાં, પરંતુ ઈશ્વરને એ મંજૂર નહિ હોય. નથુ ક્ષયના રોગનો ભોગ બન્યો. અનેક ઉપચારો કરવા છતાં તેને બચાવી શકાયો નહિ. અહલ્યાદેવીએ વધુ એક સ્વજનના વિયોગનો આઘાત સહન કરવાનો થયો. સમગ્ર પરિવાર શોકમાં ડૂબી ગયો.

નથુ મુક્તાબાઈ અને યશવંતરાવનો એકનો એક



પુત્ર હતો. પુત્રના અવસાનથી તેમની સઘળી આશા પર પાણી ફરી વળ્યું. પુત્રવિયોગના આઘાતમાંથી તેઓ બહાર આવી શક્યાં નહિ. એમાંય યશવંતરાવ તો એટલા વિહ્વળ બની ગયા કે આ શોક તેમને મૃત્યુ સુધી ખેંચી ગયો. ૩ ડિસેમ્બર, ૧૭૯૧ના રોજ તેમનું અવસાન થયું.

પતિ પાછળ સતી થવા મુક્તાબાઈએ હઠ પકડી. અહલ્યાદેવીએ પુત્રીને સમજાવી કે તું નહિ રહે તો પછી મારું કોણ ? પરંતુ મુક્તાબાઈ ન માન્યાં. અહલ્યાદેવીને બહુ દુઃખ થયું, પોતે સસરાનો વિચાર કરીને સતી થવાનો વિચાર માંડી વાળેલો, પરંતુ મારી પુત્રી એની વૃદ્ધ માતાનો વિચાર કરી શકતી નથી ! દીકરીને સતી થતી જોઈને એ બેભાન થઈ ગયાં.

સમગ્ર રાજ્ય શોકમાં ડૂબી ગયું. અહલ્યાદેવીએ તો સાત દિવસ સુધી અન્નનો એક દાણો ય મોંમાં નાખ્યો નહોતો. તેમનો સંસાર સૂનો થઈ ગયો હતો.

પરંતુ અહલ્યાદેવી આખરે તો રાજરાણી હતાં. ગમે તેટલા શોકગ્રસ્ત હોય તોયે એમાંથી બહાર આવવું જ રહ્યું, કારણ કે એમના માથે રાજ્યના રક્ષણની જવાબદારી હતી. આવી સ્થિતિમાંયે તેમણે બે યુદ્ધો કરવાનાં થયાં.


૧૭૯૨માં મહાદજી શિંદેના સૂબેદાર ગોપાલરાવ ફડણવીસે તુકોજી હોલકરના સરદાર ખુશાલ કુંવર પર કારણ વગર હુમલો કર્યો. સત્તાવીસ દિવસ આ યુદ્ધ ચાલ્યું. ભીષણ રક્તપાત થયો અને ધનનો ખૂબ મોટા પ્રમાણમાં વ્યય થયો. અંદરોઅંદર ઝઘડવાથી મરાઠાશક્તિ નબળી પડી. તુકોજીની માંગ પર અહલ્યાદેવીએ તાત્કાલિક તેમને પાંચ લાખ રૂપિયા મોકલી આપ્યા. સાથે સાથે કહેવડાવ્યું પણ ખરું કે, 'દુશ્મનોનો તત્કાલ સંહાર કરો.' જો કે આ સંગ્રામમાં હોલકરોએ પરાજય વેઠવો પડ્યો.

બીજો સંગ્રામ 'ખડયુદ્ધ'થી પ્રસિદ્ધ છે. મરાઠાઓની સંયુક્ત સેના અને અંગ્રેજો વચ્ચેનું આ યુદ્ધ હતું. તેમાં તુકોજી હોલકરે પણ ભાગ લીધો હતો. તેમની માગણી મુજબ અહલ્યાદેવીએ આર્થિક મદદ કરી હતી. આ યુદ્ધમાં મરાઠાઓનો વિજય થયો હતો. તેમ છતાં આ યુદ્ધ પછી મરાઠા શાસનના પતનનો પ્રારંભ થયો હતો. અહલ્યાદેવીને તેનો અણસાર આવી ગયો હતો. આ પણ તેમના જીવનનો એક મોટો આઘાત હતો.

અહલ્યાદેવી હવે ૭૦ વર્ષની વયે પહોંચી ગયાં હતાં. એક પછી એક આઘાત સહન કરીને તે સાવ ભાંગી ગયાં હતાં. તેમનું જીર્ણ શરીર વધારે ભાર ઉપાડી શક્યું નહિ. ૧૩ ઑગસ્ટ, ૧૭૯૫ના દિવસે તેમનો સ્વર્ગવાસ થયો.

## ભારતમાં અહલ્યાબાઈના પુણ્યકાર્ય

૧. ઋષિકેશ, ૨. ગંગોત્રી, ૩. વિષ્ણુપ્રયાગ, ૪. કેદારનાથ ૫. હરિદ્વાર, ૬. બદ્રિનાથ, ૭. વૃંદાવન, ૮. અયોધ્યા ૯. અલ્લાબાદ, ૧૦. વારાણસી, ૧૧. ગયા, ૧૨. પુષ્કર ૧૩. નાથદ્વારા, ૧૪. ઉજ્જૈન, ૧૫. ઇન્દોર, ૧૬. ઓમકારેશ્વર ૧૭. મહેશ્વર, ૧૮. અમરકંટક, ૧૯. દ્વારકા, ૨૦. સોમનાથ ૨૧. નાસિક, ૨૨. ઈલોરા, ૨૩. પુના, ૨૪. જેજુરી ૨૫. ચૌંડી, ૨૬. પંઢરપુર, ૨૭. રાજાપુર, ૨૮. ગોકર્ણ ૨૯. રામેશ્વર



REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીની ગુજરાત મુલાકાતની તસવીરો







**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.